આજનો સુવિચાર

ભયથી નિવારી શકાતા દોષોની સંખ્યા કરતા પ્રશંસા વડે પોષાતા ગુણોની સંખ્યા વધુ હોય છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૯૭ જૂનાગઢ તા.૧૧-૪-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)



### મૌન રહેવાથી દેશની સમસ્યાનો ઉકેલ નહી આવે

## મોદી સરકાર લોકશાહીનાં ત્રણ સ્તંભો ધારાસભા, કાર્યપાલિકા અને ન્યાયતંત્રને તોડી રહી છે : સોનિયા ગાંધીનાં પ્રહારો



(દિલ્હીબ્યુરો) નવી દિલ્હી તા. ૧૧: કોંગ્રેસના પૂર્વઅધ્યક્ષ સોનિયા ગાંધીએ ફરી એકવાર કેન્દ્રની મોદી સરકાર પરનિશાન સાધ્યું છે. દક્ષિણ ભારતનાં અગ્રણી અંગ્રેજી અખબાર 'ધ હિન્દુ'માં લખવામાં આવેલા લેખમાં સોનિયાએ કહ્યું કે, લાદવામાં આવેલા મૌનથી દેશની સમસ્યાઓનું સમાધાન નહીં થાય. સોનિયાએ કહ્યું, ભારતના લોકો એ શીખ્યા છે કે જયારે આજે પરિસ્થિતિને સમજવાની વાત આવે છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પગલાં તેમના શબ્દો કરતાં વધુ જોરથી બોલે છે. સોનિયા ગાંધીએ લખ્યું, છેલ્લા મહિનાઓમાં આપણે જોયું છે કે વડાપ્રધાન અને તેમની સરકાર લોકશાહીના ત્રણેય સ્તંભો, ધારાસભા, કાર્યપાલિકા અને ન્યાયતંત્રને વ્યવસ્થિતરીતે તોડીરહી છે. તેમની ક્રિયાઓ લોકશાહી અને લોકશાહીની જવાબદારી માટે અણગમો દર્શાવે છે. સોનિયા ગાંધીએ પોતાના લેખમાં સંસદમાં બનેલી ઘટનાઓનો પણ ઉલ્લેખ કર્યો છે. સોનિયાએ લખ્યું, છેલ્લા સત્રમાં અમે સરકારની વ્યૂહરચના જોઈ, જેના હેઠળ વિપક્ષને બેરોજગારી, મોંઘવારી, સામાજિક વિભાજન, બજેટ અને અદાણી જેવા મુદ્દા ઉઠાવતા અટકાવવામાં આવ્યા. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે લખ્યું, સરકારે વિપક્ષના વિરોધનો સામનો કરવા માટે અનેક ઉપાયો કર્યા. તેમાં ભાષણો કાઢી નાખવા, ચર્ચા અટકાવવી, સંસદના સભ્યો પર હુમલો કરવો અને અંતે ઝડપી ગતિએ કોંગ્રેસના સાંસદને ગેરલાયક ઠેરવવાનો સમાવેશ થાય છે. પરિણામે ૪૫ લાખ કરોડનું જનતાનું બજેટ કોઈપણ ચર્ચા વગર પસાર થઈ ગયું. જયારેલોકસભામાં ફાઈનાન્સ બિલ પસાર થયું ત્યારે પણ પીએમ વ્યાપક મીડિયા કવરેજ સાથે તેમના મતવિસ્તારમાં પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કરવામાં વ્યસ્ત હતા. સોનિયા ગાંધીએ કહ્યું કે, મોદી સરકાર દ્વારા સીબીઆઈ અને ઈડીનો દુરૂપયોગ સ્વાભાવિક છે. ૯૫% રાજકીય કેસ માત્ર વિપક્ષી નેતાઓ સામે જ નોંધાયા હતા. બીજી તરફ ભાજપમાં જોડાયેલા લોકો સામેના કેસ ચમત્કારિક રીતે ગાયબ થઈ ગયા છે.

### શેરબજારમાં આજે તેજી : સેન્સેકસે ૬૦ હજારની સપાટી વટાવી



નવી દિલ્હી તા. ૧૧ : આજે શેરબજારની શરૂઆતમાં સેન્સેક્સ ૬૦,૦૦૦ના સ્તરને પાર કરી ગયો છે અને નિફ્ટીમાં પણ ૧૭૭૦૦ની ઉપરની સપાટી જોવા મળી રહી છે. અઠવાડિયાના બીજા દિવસે શેરબજારમાં આજે સારી તેજી સાથે કારોબાર જોવા મળી રહ્યો છે અને સેન્સેક્સ-નિફ્ટી લીલા નિશાન પર ટ્રેડ થઈ રહ્યા છે. આ સાથે આઈટીશેરોમાં આજે ઘટાડા સાથે કારોબાર જોવા મળી રહ્યો છે. શેરબજારમાં બેંક શેરોમાં પણ સારી તેજી જોવા મળી રહી છે.

## ધરપકડ થવાની સાથે જ બિમારીનું નાટક નહી ચાલે : સુપ્રિમ કોર્ટ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૧

કોઈપણ અપરાધમાં આરોપીની પોલીસ કસ્ટડી અંગે એક મહત્વની વ્યાખ્યામાં સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યુ કે ધરપકડ અને અદાલત દ્વારા આરોપીને પોલીસ કસ્ટડીમાં સુપ્રત થાય તો આ સમય દરમ્યાન આરોપીને જો સારવાર કે કોઈપણ રીતે હોસ્પીટલમાં દાખલ કરવામાં આવે તો તે સમયગાળો પોલીસ કસ્ટડીનો ભાગ ગણાશે નહી અને તે મુજબ પોલીસ કસ્ટડી વધારવાની અદાલતને સતા હશે. સર્વોચ્ચ અદાલતના ન્યાયમંત્રી એમ.આર.શાહની ખંડપીઠે સ્પષ્ટ કર્યુ હતું કે પોલીસ કસ્ટડીનો હેતુ આરોપીની પુછપરછ અને અપરાધ અંગેની માહિતી-પુરાવા મેળવવા માટેનો છે જે અને જો આરોપી માંદગી કે અન્ય રીતે હોસ્પીટલમાં દાખલ થઈને આ પ્રકારે પુછપરછનો સમય વિતાવે તે સ્વીકાર્ય બની શકે નહી. કારણ કે તેનાથી તપાસ એજન્સી મહત્વનો સમય ગુમાવે છે.

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે આજના દિવસોમાં એ બહું સામાન્ય બની ગયું છે કે કોઈપણ આરોપીની ધરપકડ કર્યા બાદ તેને પોલીસ કસ્ટડીમાં સુપ્રત કરવામાં આવે તે સમયે આરોપીનું સ્વાસ્થ્ય ઓચિંતુ લથડે છે અને તે હોસ્પીટલમાં સારવાર માટે દાખલ થઈ જાય છે. જેના કારણે પોલીસ તેની પુછપરછ ગુન્હા અંગેની માહિતી મેળવવા કે પુરાવા એકત્ર કરવાનો સમય ગુમાવે છે. કોલસા-કૌભાંડમાં આરોપીની પુછપરછ માટે વધુ સમય આપવાની સીબીઆઈની માંગણી મંજુર રાખતા સમયે સર્વોચ્ચ અદાલતે

આ નિરીક્ષણ વ્યકત કર્યાનું અગાઉ તમામ એજન્સીને આ માટે આરોપીને ૭ દિવસની કસ્ટડી આપવામાં આવીહતી પણ તે સમયે ફકત બે દિવસનો સમય જ પુછપરછ થઈ શકી હતી. કારણ કે આરોપીનું સ્વાસ્થ્ય લથડતા તેને હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોઈપણ આરોપીને પુછપરછની પ્રક્રિયાસામે રમત કરવા દેવામાં આવે નહી. કારણ કે તે અદાલતી પ્રક્રિયાનો એક ભાગ છે અને જો તેમ કરવાની છૂટ અપાય તો સમય ન્યાયિક પ્રક્રિ સામે 'રમત'ની છૂટ આપવા જેવું ગણાશે.

### અમેરીકામાં ફરી એકવાર અંધાધુંધ ફાયરીંગની ઘટના : ૪નાં મોત : ૯ ઘાયલ

વોશીંગ્ટન તા. ૧૧

અમેરિકામાં ફરી એકવાર અંધાધૂંધ ફાયરિંગની ઘટના સામે આવી છે. કેન્ટુકીના સૌથી મોટા શહેર લુઈસવિલેમાં એક બંદૂકધારીએ સોમવારે સવારે ૮.૩૦ વાગ્યે સ્થાનિક સમયાનુસાર એક બેંકમાં ગોળીબાર કર્યો હતો, જેમાં ચાર લોકોના મોત થયા હતા. આ હુમલામાં૯ લોકો ઘાયલ પણ થયા છે. લુઈસવિલે બેંકમાં એક ૨૩ વર્ષીય વ્યક્તિએ રાઈફલ વડે ગોળીબાર કર્યો, જેમાં ગવર્નરના નજીકના મિત્ર સહિત ચાર લોકોના મોત થયાનું પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું. તેણે જણાવ્યું કે આરોપી પોતે પણ આજ બેંકનો કર્મચારી હતો. પોલીસ ચીફ જેકલીન ગિવિન-વિલારોએલે હુમલાખોરની ઓળખ કોનર સ્ટર્જન તરીકે કરી હતી. ઘાયલોમાં પોલીસકર્મીઓનો પણ સમાવેશ થાય છે.

## વર્ષ ૨૦૨૭-૨૮ સુધીમાં ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે : પિયુષ ગોયલ

નવી દિલ્હી તા. ૧૧ :

ફ્રાન્સમાં ભારતીય પ્રવાસી સમુદાયને સંબોધતા કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ભારત ૨૦૨૭ સુધીમાં ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. હાલમાં આપણે પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છીએ, તેમ ગોયલે જણાવ્યું હતું.

૨૦૨૭-૨૮ સુધીમાં આપણે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનીશું. ભારત આજે ૩.૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર છે અને ૨૦૪૭ સુધીમાં જયારે આપણે આઝાદીના ૧૦૦ વર્ષની ઉજવણી કરીશું ત્યાં સુધીમાં ભારત ૩૦-૩૫ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બની જશે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ગત વર્ષે નિકાસ ૬૭૬ બિલિયન યુએસ ડોલર હતી. આઝાદીના ૭૫ વર્ષમાં અમે નિકાસમાં ૭૫૦ બિલિયન ડોલરને વટાવી ગયા છીએ. આજે આપણે એક વિકસતા દેશ તરીકે, 'ફૂડ બાઉલ' તરીકે, વિશ્વના અને અન્ય દેશો માટે વિશ્વસનીય ભાગીદાર તરીકે, વિશ્વની અગ્રણી ફાર્મસી તરીકે ઉભરી રહ્યા છે.'

### ચૂંટણીપંચનાં નિર્ણયને તૃણમુલ કોંગ્રેસ અદાલતમાં પડકારશે

નવી દિલ્હી તા.૧૧ કેન્દ્રીય ચૂંટણી પંચે સોમવારે તૃણમૂલ કોંગ્રેસને તેની રાષ્ટ્રીય પાર્ટીનો દરજ્જો છીનવી લીધો હતો TMC હવે રાષ્ટ્રીય પાર્ટીની યાદીમાં સામેલ નથી. ટીએમસીએ ચૂંટણી પંચના આ નિર્ણયનો વિરોધ કર્યો છે. સમાચાર એજન્સી ANIના સૂત્રોના જણાવ્યા અનુસાર TMC હવે આ નિર્ણયને પડકારવા માટે કાનૂની વિકલ્પ શોધી રહી છે.

### મુંબઈમાં માસ્કની પુર્નઃ એન્ટ્રી



મુંબઈ તા.૧૧: દેશમાં અને મુંબઈમાં કોરોનાની ચોથી લહેરની આશંકાને પગલે બીએમસી (બૃહદ મુંબઈ કોર્પોરેશન)એ મુંબઈમાં ૬૦ વર્ષથી વધુ વયના નાગરિકોને ભીડવાળા સ્થળો પર માસ્ક પહેરવાનું કહેવામાં આવ્યું છે. સાથેસાથે હોસ્પિટલોમાં કામ કરનારો ડોકટર, મેડીકલ ટીમ, કર્મચારીઓ, દર્દીઓ, વિઝીટર્સ માટે માસ્ક ફરજીયાત કરી દેવામાં આવ્યા છે.

## દેશભરની શાળાઓમાં વિદ્યાર્થીનીઓને ફ્રીમાં સેનેટરી પેડ આપવા સુપ્રિમ કોર્ટનો આદેશ

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૧૧

દેશભરમાં સ્કૂલોમાં ધોરણ ૬થી ૧૨માં અભ્યાસ કરતી સ્કૂલની વિદ્યાર્થિનીઓને મફત સેનિટરી પેડ્સ આપવા સુપ્રીમ કોર્ટે રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે આ અંગેની સુનાવણીમાં કેન્દ્ર સરકારને ૪ અઠવાડિયામાં યુનિફોર્મ પોલિસી ઘડવા ફરમાન ક્ર્યું છે. સુપ્રિમ કોર્ટે આ મામલાને મહત્ત્વનો ગણ્યો છે. જેમાં રાજયો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોને સામેલ કરવા ફરમાન કરાયું છે. આ કેસમાં આરોગ્ય અને પરિવાર મંત્રાલયનાં સચિવ રાજય સરકારો સાથે વાતચીત કરવા માટે નોડલ ઓફિસર તરીકે ફરજ બજાવશે. કેન્દ્ર સરકારે ૩ મહિનામાં અપડેટ સ્ટેટસનો રિપોર્ટ આપવાનો રહેશે. કેન્દ્ર સરકાર વતી ASG ઐશ્વર્યા ભાટીએ સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે, યુવાન અને કિશોર યુવતીઓ માટે માસિકધર્મમાં સ્વચ્છતા જાળવવાનાં મામલે સુધારા કરવા આવશ્યક છે. જેમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડવાની જવાબદારી રાજય સરકારોની છે.

બેન્ચે કહ્યું કે, રાજયો દ્વારા NHM સ્ટીયરિંગ ગ્રૂપને નિવાસી કે બિનનિવાસી વિદ્યાલયોમાં યુવતીઓ માટે શૌચાલયોમાં સેનિટરી પેડ આપતા વેન્ડીંગ મશીનો ગોઠવીને તેની જાણકારી આપવાની રહેશે.



## રાજસ્થાન કોંગ્રેસમાં ડખ્ખો : જયપુરમાં સચિન પાયલોટ દ્વારા ધરણા

જયપુર તા. ૧૧

રાજસ્થાનના પૂર્વ ડેપ્યુટી મુખ્યમંત્રી સચિન પાઈલટ તેમના કાર્યકરો સાથે મંગળવારે સવારથી જયપુરના શહીદ સ્મારકમાં એક દિવસના અનશન પર બેઠા છે. પાઈલટના ઉપવાસમાં સમર્થકો મંત્રીઓ અને ધારાસભ્યોને બદલે સામાન્ય સમર્થકો સાથે રહેશે. આ ઉપવાસ સવારે ૧૦થી સાંજના ૪ વાગ્યા સુધી ચાલશે. બીજી તરફ રાજસ્થાન કોંગ્રેસના પ્રભારી સુખજિંદર સિંહ રંધાવાએ પાઈલટના આ પગલાને પાર્ટીવિરોધી ગણાવ્યું છે. પાઈલટના ઉપવાસ દરમિયાન રાજ્યભરમાંથી તેમના સમર્થકો પહોંચ્યા છે. આ પહેલાં સોમવારે તેમના સમર્થક ધારાસભ્યો દિવસભર તૈયારીઓમાં લાગ્યા હતા. સચિન પાયલટના ઉપવાસની જાહેરાત બાદથી કોંગ્રેસમાં રાજકીય ગરમાવો વધી ગયો છે. આંતરિક રાજકારણ ફરી ગરમાયું છે. રંધાવા બુધવારે મુખ્યમંત્રી અશોક ગેહલોત અને કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોતાસરાને મળશે. રંધાવાનું નિવેદન પાર્ટીના કડક વલણનો સંકેત આપે છે. જો કે તેમણે સચિન સાથે શાંતિપૂર્ણ વાતચીતની રજુઆત પણ કરી છે.



## યુપીનાં ગેંગસ્ટર અતિકને આજે પુર્નઃ સાબરમતી જેલમાંથી પ્રયાગરાજ લઈ જવાશે



અમદાવાદ તા. ૧૧

ગેંગસ્ટર અતિક અહેમદને ઉમેશ પાલ હત્યા કેસમાં ફરી લેવા માટે ઉત્તરપ્રદેશથી પોલીસ આવીછે. સાબરમતી જેલ ખાતે પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે. થોડીવારમાં જ સાબરમતી જેલમાં ૨૦૦ નંબરની બેરેકમાં રહેલા અતિકને બહાર લાવવામાં આવશે અને બાય રોડ યુપી પોલીસ તેને લઈ જશે. અતિક અહેમદને પ્રયાગરાજ લઈ જવામાં આવશે.

ઉત્તર પ્રદેશનો કુખ્યાત ગેંગસ્ટર અતીક અહેમદ ૨૦૧૯થી અમદાવાદની સાબરમતી જેલમાં રાખવામાં આવ્યો છે. થોડા દિવસ અગાઉ પ્રયાગરાજ પોલીસ કેસમાં સુનવણી માટે લઈ ગઈ હતી, જ્યાં અતીક અહેમદને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. સજા બાદ સાબરમતી જેલમાં અતીકને ફરીથી લાવવામાં આવ્યો હતો. સજા ફટકારતા જેલમાં અતીકની જગ્યા પણ બદલવામાં આવી હતી. અતીક અહેમદને હાઈસિક્યુરિટી ઝોનની બેરેક નંબર ૨૦૦માં ખસેડવામાં આવ્યો હતો. જો કે, માત્ર જગ્યા જ બદલવામાં આવીછે, પરંતુ અતીકની સુરક્ષા યથાવત જ રાખવામાં આવી હતી. આજે ઉમેશ પાલ હત્યા કેસમાં ફરી અતીકને લેવા યુપી પોલીસ અમદાવાદ આવી છે.


ચાલો વિમાન દ્વારા પ્રિમીયમ એર પેકેજ
અમદાવાદ થી જતા-આવતા એર ટિકીટ
સ્ટાર કેટેગરી હોટલ • સ્વાદિષ્ટ ભોજન • સાઈટસીન
સિમલા-મનાલી-ડેલહાઉસી
અમૃતસર-ખજીયાર-વાઘા બોર્ડર
અમદાવાદ થી ચંદીગઢ જતા-આવતા એર ટિકીટ
By Air
27000 Day-6
35000 Day-9
કેરાલા-મુન્નાર-થેકડી
ક.કુમારી-એલપ્પી-કોવાલમ
અમદાવાદ થી કોચીન જતા-આવતા એર ટિકીટ
35000 Day-8
નૈનિતાલ કોર્બેટ-મસુરી-હરિદ્વાર
કાશ્મીર શ્રીનગર-વૈ.દેવી
GOA 3 Night Resort
બેંગ્લોર-ઉટી-મૈસુર-કુર્ગ • દાર્જીલીંગ-સિક્કીમ • ચારધામયાત્રા
શિવ ટ્રાવેલ્સ લીમડા ચોક રાજકોટ 93746 31854
અમદાવાદ ઓફિસ : 90163 60563

હદયરોગના નિષ્ણાંત વેરાવળ માં





સ્થળ અને સમય
1) આદિત્ય બિરલા હોસ્પિટલ, વેરાવળ.
બપોરે ૧૨:૩૦ થી ૦૨:૩૦
તપાસ ફી ₹600/-
ડો. અભિષેક રાવલ
દર મહિનાના બીજા ગુરુવારે
તારીખ: ૧૩ એપ્રિલ ૨૦૨૩, ગુરૂવાર
એપોઈન્ટમેન્ટ માટે :
97797 93959 / 95120 15843
WOCKHARDT HOSPITALS LIFE WINS

HOPE
DIABETES CLINIC AND RESEARCH CENTRE
ડો. દિપક ચુડાસમા
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
✓ ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
✓ ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઈ જવો ● ફ્રેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો
● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝન શોલ્ડર
● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R.
● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
બીજો માળ, એપલવુડ, વિશાલા હોટલ પાસે, બસ સ્ટેશનનાં બીજા ગેઈટ સામે, જૂનાગઢ
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૦૦૦નાં રીપોર્ટ માત્ર ૮૦૦માં કરી દેવામાં આવે છે
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૬૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો





ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો
વર્ધમાન ગ્રુપ દ્વારા સંચાલિત જૂનાગઢનાં સરદાર વલ્લભભાઈ પટેલ ચોકમાં આવેલ શામળદાસ ગાંધી ટાઉન હોલ, અદ્યતન સુવિધાથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું ટાઉનહોલ તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા, આપના લગ્ન પ્રસંગો તેમજ બર્થ-ડે પાર્ટી, સેમીનાર, નાટયગૃહ માટે તદ્દન વ્યાજબી ભાવમાં ભાડે મળશે.
મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧, ૮૧૬૦૬ ૭૯૮૨૧ ૮૨૦૦૬ ૯૫૦૩૩

લકઝરીયસ ડુપ્લેક્ષ વેચવાનું છે
અદ્યતન ફીકસ ફર્નિચર સાથે ચાર મોટા બેડરૂમ, એક મોટો સીટીંગ રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, પુજા રૂમ, સ્પેશ્યલ કીચન કમ ડાઈનીંગ, સ્વતંત્ર બોર, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણી ભૂગર્ભ ટાંકો, ૯ વર્ષનું તદ્દન નવું જ પાયાથી/ કોલમથી બાંધકામ, ૧૫૨ વાર જગ્યા, ૩૭ ૩૭ ફૂટનો ચોરસ પ્લોટવાળું ઉત્તરભીમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર વાળુ, આધાત્મિકતા અને ઉર્જા સાથેનું ડુપ્લેક્ષ વેચવાનું છે.
મો. ૭૫૭૫૮ ૦૬૫૮૫

# જાહેર-ખાનગી સ્થળો કે ઘરકુટુંબોમાં શારીરિક-માનસિક હિંસાનો ભોગ બનેલી કોઈપણ જ્ઞાતિ-જાતિ, ધર્મ-સંપ્રદાય, ઉંમરના ભેદભાવ વિના મહિલાઓની સલામત-સુરક્ષા એટલે "સખી - વન સ્ટોપ સેન્ટર"

## રાજકોટમાં અત્યાર સુધીમાં ૧૧૨૧ મહીલાઓને આશ્રય, ૯૮ ને તબીબી સહાય, ૧૯૬ને પોલીસ સહાય, ૧૯૪ને કાયદાકીય સહાય, ૨૪૪૪ મહિલાઓનું કાઉન્સેલિંગ કરાયું




વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકારે મહિલા સશક્તિકરણ, સલામતી અને સુરક્ષા માટે અનેક નક્કર પગલાં લીધા છે. જે મુજબ ગૃહ મંત્રાલય દ્વારા "નિર્ભયા ફંડ" અન્વયે અનેકવિધ પ્રોજેક્ટ અમલમાં છે ત્યારે ભારત સરકાર પુરસ્કૃત અને રાજયના મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા ઓગસ્ટ, ૨૦૧૬થી "સખીઃ વન સ્ટોપ સેન્ટર" યોજના શરૂ કરવામાં આવી છે. ભારતના દરેક જિલ્લામાં હોસ્પિટલ કેમ્પસની અંદર તેમજ બે કિલોમીટરની આસપાસ "સખી વન સ્ટોપ સેન્ટર" કાર્યરત કરવામાં આવ્યા છે. આ યોજના અંતર્ગત પીડિત-શોષિત મહિલાઓના સર્વાંગી ઉત્કર્ષ માટે તમામ રાજયોમાં હિંસાથી પીડિત મહિલાઓને એક જ સ્થળેથી તાત્કાલિક આશ્રય તથા સંકલિત સેવાઓ ૨૪*૭ કલાક તથા ૩૬૫ દિવસ મળી રહે છે. રાજકોટ જિલ્લામાં તા.૧ સપ્ટેમ્બર, ૨૦૧૭ થી અવિરત કાર્યરત "સખીઃ વન સ્ટોપ સેન્ટર વિશે માહિતી આપતાં રાજકોટ જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનિબેન દવેએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ પરિસરમાં આવેલા સીસીટીવી કેમેરાથી સજજ "સખીઃ વન સ્ટોપ સેન્ટર" ખાતે જાહેર કે ખાનગી સ્થળો ઉપરાંત કાર્યસ્થળો કે ઘરકુટુંબોમા શારીરિક, માનસિક હિંસાનો ભોગ બનેલી મહિલાઓ કોઈદપણ જાતના જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંપ્રદાય, વૈવાહિક દરજ્જો, શિક્ષણ કે ઉંમરના ભેદભાવ વિના આ સેવાઓનો લાભ લઈ શકે છે. "સખીઃ વન સ્ટોપ સેન્ટર"ના નવનિર્મિત બિલ્ડિંગમાં પીડિતાઓ માટે આશ્રય રૂમ, બે કાઉન્સેલિંગ રૂમ સહિતની આધુનિક સવલતો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સેન્ટરમાં પીડિત મહિલાઓને વધુમાં વધુ પાંચ દિવસ સુધી હંગામી ધોરણે આશ્રય સાથે રહેવાની, ભોજન, ચા-નાસ્તો, કપડા, અન્ય જીવન જરૂરિયાતની ચીજવસ્તુ વિનામુલ્યે પૂરી પાડવામાં આવે છે. પીડિતાઓનો આત્મવિશ્વાસ વધે, પોતાના જીવનનો નિર્ણય લઈ શકે, હિંસા સામે ન્યાય મેળવી શકે તે માટે તજજ્ઞ કાઉન્સેલરો દ્વારા યોગ્ય પરામર્શ સાધી જરૂર પડ્યે પીડિત મહિલાઓને તમામ પ્રકારની તબીબી સહાય જેવી કે લેબોરેટરી, એકસ-રે, સોનોગ્રાફી, ઈમરજન્સી સારવાર તાત્કાલિક ધોરણે પુરી પાડવામાં આવે છે. પીડીતાને જિલ્લા કાનુની સત્તામંડળ દ્વારા સરકારી વકીલની મદદથી એફ.આઈ.આર., ડી.આઈ.આર. દાખલ કરવા માટે પોલીસ અને કાયદાકીય સહાય સાથે યોગ્ય દિશાસુચન આપવામાં આવે છે. મહિલાઓના આર્થિક ઉત્કર્ષ માટે તાલીમ પણ આપવામાં આવે છે. "સખીઃ વન સ્ટોપ સેન્ટર"નાં કેન્દ્ર સંચાલક યાસ્મિનબેન ઠેબાએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં તા.૧ સપ્ટેમ્બર, ૨૦૧૭ થી અવિરત કાર્યરત "સખીઃ વન સ્ટોપ સેન્ટર" દ્વારા મહિલાઓને અનેકવિધ સેવાઓ પુરી પાડવામાં આવી રહી છે, ત્યારે શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં ઘરેલુ હિંસામાં ૧૮૬૯, જાતીય હિંસામાં ૪૯, બળાત્કારમાં ૩૫, એસિડ એટેકમાં ૦૩, બાળકો પર જાતીય હિંસામાં ૪૨, બાળ લગ્નમાં ૦૧, સાયબર ક્રાઈમમાં ૦૨, દહેજમાં ૨૭, મિલકત પારિવારિક જેવા અન્ય કેસ ૪૫૫ સહિત કુલ ૨૪૮૩થી વધુ મહિલાઓને આ સેવાનો લાભ આપવામાં આવ્યો છે. "સખીઃ વન સ્ટોપ સેન્ટર" ખાતે અત્યાર સુધીમાં ૧૧૨૧ મહીલાઓને આશ્રય, ૯૮ ને તબીબી સહાય, ૧૯૬ ને પોલીસ સહાય, ૧૯૪ ને કાયદાકીય સહાય તથા ૨૪૪૪ મહિલાઓનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું છે. "સખીઃ વન સ્ટોપ સેન્ટર" ખાતે આવતા મોટા ભાગના કેસોમાં સમાધાન કરાવી પરિવાર સાથે મહિલાઓનું સુખદ મિલન કરાવવામાં આવે છે. પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યા બાદ મહિલાને કોઈ અન્ય પરેશાનીઓનો સામનો કરવો પડે છે કે કેમ ? પીડિત મહિલા પરિવાર સાથે ખુશ છે ? તે અંગે ફોન દ્વારા તેમજ ગૃહ મુલાકાત કરી સમયાંતરે ફોલો-અપ પણ કરવામાં આવે છે. મહિલાઓને સલામતી સાથે વિકાસશીલ વાતાવરણ પૂરૂ પાડવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળ ગુજરાત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર મહિલા કલ્યાણકારી યોજનાઓ થકી મહિલા સશક્તિકરણમાં સમગ્ર દેશમાં અગ્રેસર રહી અન્ય માટે રાહબર બન્યું છે ત્યારે રાજ્યભરમાં શરૂ કરાયેલા "સખીઃ વન સ્ટોપ સેન્ટર" ખરા અર્થમાં મહિલાઓ માટે "સખી" સાબિત થયા છે.

**સંકલનઃ- ભાવિકા લીંબાસીયા**

# દ્વારકાધીશજીના ભોગ ભંડારને જીર્ણોધ્ધાર કરવા પુરાતત્વ ખાતુ મંજુરી આપે તે જરૂરી

**ભોગ ભંડારની દિવસેને દિવસે હાલત જર્જરીત થતી જય છે : યાત્રાધામોના વિકાસ કરતી સરકારે નોંધ લેવી જરૂરી**






(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૧

યાત્રાધામ દ્વારકાના જગત મંદિરના ભોગ ભંડારની હાલત છેલ્લા ઘણા સમયથી જર્જરીત જોવા મળી રહી છે. દ્વારકાધીશજીને દિવસ દરમ્યાન અગિયાર જેટલા ભોગ ધરાવવાય છે. તેમજ છપ્પનભોગ, અક્રોટ મનોરથ, કુંડલાભોગ કુડવારા મનોરથ જેવા વિવિધ પ્રકારના ભોગ પ્રસાદો ભોગ ભંડારમાં બનાવામાં આવે છે અને અંદાજીત ૧૦૦ થી ૧૨૦ પુજારી પરિવારની મહિલાઓ તેમજ વૈષ્ણવ લોકો ભોગ ભંડારના ઠાકોરજીના ભોગ પ્રસાદ બનાવતા હોય છે. તે ભોગભંડારના રૂમો અંદાજીત છેલ્લા ડોઠ બે વર્ષથી જર્જરીત હાલમાં હોવાથી ત્યા પ્રસાદ બનાવતા વ્યતિઓ માટે ભોગભંડાર જોખમી બન્યુ છે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જે ભોગ ભંગારમાં ચાર દિવસ પહેલા છતમાંથી મોટો પથ્થર નીચે પડતા સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. જો તાત્કાલીક ભોગ ભંડારમાં નવુ બાંધકામ કરવામા નહી આવે તો જર્જરીત ભોગ ભંડારમાં મોટી દુરઘટના ઘટશે તો જવાબદારી કોની ? અગાવ દ્વારકાધીશના દર્શનાથે આવેલ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પણ પુજારી પરિવારે ભોગભંડાર જર્જરીત હોવાની રજુઆત કરી હતી. તે પહેલા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દર્શનાથે આવેલ ત્યારે પણ પુજારી પરીવારે રજુઆત કરી હતી. ત્યારબાદ આજદિન સુધી ભોગભંડાર પુનઃનિર્માણ અંગે નિર્ણય લેવાયો નથી. વધુમાં જાણવા મળ્યા મુજબ પુરાતત્વ વિભાગને ભોગ ભંડારને રિનોવેટ કરવા અનેક વખત રજુઆતો કરી મંજુરી માંગી છે પણ આજદિન સુધી કોઈ નિર્ણય આવ્યો નથી. ઉલ્લેખીનછે કે કેન્દ્ર તેમજ રાજય સરકાર યાત્રાધામોના વિકાસો કરી રહી છે. પરંતું દ્વારકાધીશજીનો ભોગ બને છે તે ભોગ ભંડાર જર્જરીત હોવાની રજુઆત સરકારમાં કરી હોવા છતા ભોગ ભંડારનો વિકાસમાં કેમ યોગ્ય કરવામાં નથી આવતું તે આશ્ચર્યની વાત કહી શકાય.

### અનેક વખત બાંધકામની રજુઆત કરાઈ

આરકોલોજી વિભાગ પાસે એકથી વધુ વખત નવા બાંધકામ માટે મંજુરી માગેલ પરંતું તેઓ રિપેરીંગની મંજુરી આપે છે પરંતુ રીપેરીંગ થાય તેવી સ્થિતિ નથી અને નવા બાંધકામ માટે એકથી વધુ વખત લેખીત મંજુરી માગેલ તો આર્કોલોજી વિભાગ દેતુ નથી.

### જગત મંદિર આસપાસના વિસ્તારોમાં થયેલ બાંધકામોને મંજુરી કોણે આપી ?

દ્વારકાધીશ જગત મંદિર આસપાસ વિસ્તાઓમાં બાંધકામ કરવુ હોય તો આર્કોલોજી ડીપાર્મેન્ટની મંજુરી લેવી પડતી હોય છે. છેલ્લા ઘણા સમયમાં જગત મંદિર આસપાસ વિસ્તારોમાં હોટલ, બિલ્ડીંગો, ફ્લેટ, રેસ્ટોરન્ટ સહિતના પાયાથી બાંધકામો થયેલ છે તેઓને મંજુરી કેવી રીતે મળી ? અને આ બાંધકામો માટે જવાબદાર કોણ? તેવી ચર્ચાઓ ભક્તોમાં થઈ રહી છે.

# રાજકોટ જિલ્લામાં કોરોના વાયરસના સંભવિત સંક્રમણને કાબૂમાં કરવા વહીવટી તંત્ર સજજ

## જેતપુર, પડધરી, કસ્તુરબાધામ અને સરધારના આરોગ્ય કેન્દ્રો ખાતે મોકડ્રીલ યોજાઈ






(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૧

રાજકોટ જિલ્લામાં કોરોના વાઈરસના સંભવિત સંક્રમણને કાબૂમાં કરવા વહીવટી તંત્ર સજ્જ બની કામગીરી કરી રહ્યું છે. ત્યારે સિવિલ હોસ્પીટલ - જેતપુર, સામુહિક આરોગ્ય કેન્દ્ર - પડધરી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - કસ્તુરબાધામ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - સરધાર ખાતે મોકડ્રીલ યોજાઈ હતી. કોવીડ-૧૯ના વધતા કેસોને ધ્યાને લેતાં તકેદારીના પગલારૂપે સિવિલ હોસ્પીટલ, જેતપુર ખાતે રૂબરૂ મુલાકાત લઈ સિવિલ હોસ્પિટલના અધિક્ષક નિકિતાબેન પડીયા તથા તેમના મેડીકલ સ્ટાફની ઉપસ્થિતિમાં ઓકસીજન સપ્લાય તથા વેન્ટીલેટર મશીન, ઉપલબ્ધ બેડની સંખ્યા વગેરે આનુષંગીક બાબતો અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. મોકડ્રીલ દરમ્યાન ૨૨ બેડ અને ૪ વેન્ટીલેટર મશીન, ઓકસીજન સપ્લાય વગેરે જરૂરિયાત મુજબનું હોવા બાબતની સમીક્ષા કરાઈ હતી. આ તકે જેતપુર શહેર મામલતદાર કિશોરભાઈ અઘેરા તથા જેતપુર ગ્રામ્ય મામલતદાર ડી.એ. ગીનીયા ઉપસ્થિત રહ્યા હતા. વધુમાં, સામુહિક આરોગ્ય કેન્દ્ર - પડધરી ખાતે મોકડ્રીલ કરવામાં આવી હતી. ચકાસણી દરમ્યાન કરાયેલી ચકાસણી મુજબ અહીં ૧ પી.એસ.એ. પ્લાન્ટ તથા ઓકસીન સેંન્ટ્રલ પાઈપલાઈન કાર્યરત છે. તેમજ કોવીડ-૧૯ના ઈલાજને લગતા સાધનો જેવા કે કુલ ૨૦ બેડ, ૪ ડી ટાઈપ સીલીન્ડર, ૧૦ ઓકસીઝન કોન્સન્ટ્રેટર, નેબ્યુલાઈઝર, પ્લસ ઓકસીમીટર, ઓકસીઝન સીલીન્ડર, પી.પી.ઈ. કીટ, માસ્ક તથા દવાઓ પુરતા પ્રમાણમાં ઉપલ્બધ છે. આ તકે નાયબ મામલતદાર ડી.વી. મોરાડીયા, સર્કલ ઓફિસર પીયુષભાઈ ચુડાસમા, સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડો. જૂહીબેન સોનાગ્રા, મેડીકલ ઓફિસર ડો. કૃણાલભાઈ વાલાણી, ફીઝીયોથેરાપીસ્ટ ડો. પ્રશાંતભાઈ ઠાકર તથા નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, રાજકોટ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - કસ્તુરબાધામ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - સરધાર ખાતે રાજકોટ તાલુકા મામલતદાર કમલેશભાઈ કરમટાના નેજા હેઠળ મોકડ્રીલ યોજાઈ હતી. મોકડ્રીલ દરમ્યાન કરાયેલી ચકાસણી પ્રમાણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-કસ્તુરબાધામમાં ૪ કોવીડ બેડ, ૧ બી ટાઈપ સીલીન્ડર, ૬ ડી ટાઈપ સીલીન્ડર, ૨ ઓકસીઝન કોન્સન્ટ્રેટર, ૮ નેબ્યુલાઈઝર, ૪૫ પ્લસ ઓકસીમીટર તથા પૂરતા પ્રમાણમાં દવાઓનો સ્ટોક ઉપલબ્ધ છે. તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - સરધારમાં ૨ કોવીડ બેડ, ૫ બી ટાઈપ સીલીન્ડર, ૧ ડી ટાઈપ સીલીન્ડર, ૪ ઓકસીઝન કોન્સન્ટ્રેટર, ૧ નેબ્યુલાઈઝર, ૩ પ્લસ ઓક્સીમીટર તથા પૂરતા પ્રમાણમાં દવાઓ ઉપલબ્ધ છે.

### કોરોના મહામારીની અગમચેતીરૂપે જસદણ સરકારી હોસ્પિટલ ખાતે મોકડ્રીલ યોજાઈ

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કોરોનાની સંભવિત મહામારીની અગમચેતી રૂપે જસદણ સરકારી હોસ્પિટલ ખાતે મોકડ્રીલ યોજાઈ હતી. સરકારી તંત્રના લડાયક યોદ્ધાઓએ કોરોના મહામારીની સંભવિત પરિસ્થિતિનો નીડરતાથી સામનો કરી નાગરિકોને સુરક્ષિત રાખવા માટેની પૂરતી તૈયારીઓનું નિદર્શન રજૂ કર્યું હતું. જસદણ સરકારી હોસ્પિટલમાં મામલતદાર સંજયસિંઘ જે. અસવારે, તાલુકા હેલ્થ ઓફિસર સી.કે.રામ, સુપ્રિટેન્ડેન્ટ ડો. રાકેશકુમાર સિન્હા, મેડીકલ ઓફિસર ડો. રાકેશ મૈત્રીની ઉપસ્થિતમાં ઓક્સિજન પ્લાન્ટ - વેન્ટીલેટર - સારવાર સહિતની વિવિધ સુવિધાઓનું પરીક્ષણ કરાયું હતું.

# એઈમ્સ પ્રોજેક્ટની કામગીરીની સમીક્ષા બેઠકમાં વિવિધ વિભાગના અધિકારીઓ, ઈજનેરોને ઈન્ડોર હોસ્પિટલ બ્લોક તેમજ એકેડેમી બ્લોકને અગ્રતાના ધોરણે પૂર્ણ કરવા તાકીદ

## એઈમ્સ ખાતે એસ.ટી. બસ, રેલ કનેક્ટિવિટી, પ્લાન્ટેશન, અવેરનેસ માટે હોર્ડિંગ્સ સહિતની કામગીરી સઘન બનાવવા કલેક્ટરનું સૂચન





(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૧૧

રાજકોટના પરાપીપળીયા પાસે નિર્માણધીન એઈમ્સ હોસ્પિટલની નવનિયુક્ત કલેક્ટર પ્રભવ જોશીએ સ્થળ મુલાકાત કરી કામગીરી અંગે સમીક્ષા બેઠકમાં એઈમ્સના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડો. સી.ડી.એસ. કટોચ તેમજ ડેપ્યુટી ડાયરેક્ટર પુનિત અરોરાએ પ્રેઝન્ટેશન દ્વારા એઈમ્સ પ્રોજેક્ટની સિવિલ વર્ક, એકેડેમિક, સ્ટાફ રિક્રુટમેન્ટ, સાધનોની ખરીદીની પ્રવર્તમાન પરિસ્થિતિની રૂપરેખા પૂરી પાડી હતી. હાલ એઈમ્સ ખાતે ઓ.પી.ડી. તેમજ ઈ-ટેલી મેડિસિન સેવા ચાલુ છે, જેનો અત્યાર સુધી એક લાખ જેટલા દર્દીઓએ લાભ લીધેલો છે. આ સાથે યુ.જી. હોસ્ટેલ કિચન અને ડાઈનિંગ સેવાનો ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. એકેડેમિક બ્લોક તેમજ ઈન્ડોર હોસ્પિટલ બ્લોકસની કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે માટે અગ્રતાના ધોરણે તમામ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વિવિધ વિભાગના અધિકારીઓ, ઈજનેરઓની ઉપસ્થિતિમાં આયોજિત સમીક્ષા બેઠકમાં કલેકટર પ્રભવ જોશીએ એઈમ્સ હોસ્પિટલ જમીન સર્વે, ઈમ્પ્લિમેન્ટેશન સહિતની કામગીરીમાં ઈન્વોલમેન્ટ રહેલું હોઈ આ પ્રોજેક્ટ્સ સાથે તેઓ વિશિષ્ઠ લાગણીથી જોડાયેલા હોવાનું જણાવી વહેલી તકે એઈમ્સ હોસ્પિટલ ફૂલફલેજમાં કાર્યરત બને તે માટે કન્સ્ટ્રક્શન કંપનીના અધિકારીઓને સિવિલ વર્ક નિયત સમયમાં પૂર્ણ થાય તે માટે ખાસ તાકીદ સાથે સૌને સહકાર આપવા વિનંતી કરી હતી. કલેકટરએ એઈમ્સ હોસ્પિટલમાં પ્લાન્ટેશન દ્વારા ગ્રીનફિલ્ડ બનાવવા ઉપર ખાસ ભાર મુક્યો હતો. એઈમ્સ સાથે કનેક્ટીવીટી માટે એસ.ટી. બસ સેવાને પુનઃ શરૂ કરવા તેઓએ સૂચન કર્યુ હતું. ખંઢેરી સ્ટેશન રેલ કનેક્ટિવિટી માટે આનુસંગિક કામગીરી પુરી કરવા વિવિધ અધિકારીઓને સૂચના આપી હતી. આ તકે પ્રાંત અધિકારી વિવેક ટાંક, આર.એન્ડ.બી, જેટકો, રૂડા, મહાનગરપાલિકાના ઈજનેરઓ, ચીફ ફાયર ઓફિસર ખેર, એસ.ટી. વિભાગ, કોર્પોરેશન, એચ.એચ.સી.સી. વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કલ્યાણપુરમાં થયેલી જીરૂ ચોરી પ્રકરણમાં પરપ્રાંતિય શખ્સને દબોચી લેતી એલસીબી પોલીસ

## જીરૂની ચોરી કરી અને માર્કેટિંગ યાર્ડમાં વેચી માર્યુંહતું!



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

કલ્યાણપુર તાલુકાના કેનેડી ગામે રહેતા એક આસામીની વાડીમાં થોડા દિવસ પૂર્વે ઓરડીમાં રાખવામાં આવેલા જીરૂના પાકની ચોરી થવા સબબ સ્થાનિક પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. આ પ્રકરણ સંદર્ભે એલ.સી.બી. વિભાગ દ્વારા કરવામાં આવેલી કામગીરી અંતર્ગત એલ.સી.બી. પી.આઈ. કે.કે. ગોહિલની રાહબરી હેઠળ સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમ્યાન એ.એસ.આઈ. મસરીભાઈ ભારવાડીયા, હેડ કોન્સ્ટેબલ લાખાભાઈ પિંડારિયા તથા અરજણભાઈ આંબલીયાને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ પ્રકરણમાં સંડોવાયેલા મધ્યપ્રદેશ રાજયના અલીરાજપુર જિલ્લાના કુનમાલ તાલુકામાં રહેતા કુતરિયા ઉર્ફે રાકેશ કેમતાભાઈ ઓહરિયા નામના ૧૯ વર્ષના આદિવાસી શખ્સની અટકાયત કરી, તેની પૂછપરછ કરવામાં આવતા અગાઉ ફરિયાદીની જમીનમાં ભાગીયા તરીકે કામ કરતા આ શખ્સે જીરૂની ચોરી કરી, આ જીરૂ માર્કેટિંગ યાર્ડમાં વેચી માર્યુ હતું. આથી પોલીસે આરોપી પાસેથી રૂા.૫૩,૦૦૦ રોકડા, રૂપિયા ૫,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન તેમજ અન્ય મુદ્દામાલ કબજે કરી આગળની તપાસ અર્થે આ શખ્સનો કબજો કલ્યાણપુર પોલીસને સોંપવામાં આવ્યો છે. આ સમગ્ર કામગીરી એલસીબી પી.આઈ. કે.કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. એસ.વી ગળચર, બી.એમ. દેવમુરારી, મસરીભાઈ ભારવાડીયા, વિપુલભાઈ ડાંગર, લાખાભાઈ પિંડારિયા, હસમુખભાઈ કટારા, ગોવિંદભાઈ કરમુર, અરજણભાઈ આંબલીયા, સચિનભાઈ નકુમ તેમજ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# જૂનાગઢ : ત્રણ વર્ષની બાળાએ રોજૂ રાખ્યું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૧

હાલમાં મુસ્લિમ અને પવિત્ર રમઝાનમાં ચાલી રહ્યો છે ત્યારે મુસ્લિમ બિરાદરો અસહ્ય ગરમીમાં પણ રોજા રાખીને સંયમ અને ધાર્મિકતાનો પરિચય આપતા હોય છે. માત્ર વયસ્ક લોકો જ નહીં પરંતુ નાના બાળકો ગરમીમાં પણ રોજા રાખીને અભૂતપૂર્વ સંયમ અને અતુટ શ્રદ્ધાનો પરિચય આપતા હોય છે. આવા જ ઘટનાક્રમમાં જૂનાગઢ શહેરમાં ભાટિયા ધર્મશાળા રોડ વિસ્તારમાં રહેતા પરિવારની માત્ર ત્રણ વર્ષની નાની બાળકી હુરફાતેમાં મુસ્તાકભાઈ સોલંકીએ રોજું રાખીને પરિવાર કુટુંબ તેમજ સમગ્ર દેશ-દુનિયામાં શાંતિ માટે પ્રાર્થના કરી હતી. માત્ર ત્રણ વર્ષથી બાળકીએ રોજુ રાખતા તેના દાદા અને નાના યુસુફભાઈ ગફરભાઈ સોલંકી અને લતીફભાઈ ગફારભાઈ સોલંકી એ નાની બાળકીના સંયમ અને શ્રદ્ધાને બદલાવેલ છે. પરિવારજનો દ્વારા નાની બાળકીને અભિનંદન પાઠવવામાં આવેલ છે.

Editor, Printer, Publisher and Owner : Abhijeet K. Upadhyay, Saurashtra Bhoomi, Daily. Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, Gujarat. Printed at Somnath Printers, Jail Road, Junagadh, Gujarat India

# મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ લાભાર્થીને પૌષ્ટિક ભોજન માટે દર માસે મળે છે ચણા, તુવેરદાળ અને સીંગતેલ

## સગર્ભા-ધાત્રી માતાઓ માટે આશીર્વાદરૂપ બનતી મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના

જૂનાગઢ, તા.૧૧

સગર્ભા ધાત્રી માતાઓ માટે મુખ્યમંત્રી માતૃશકિત યોજના આશીર્વાદરૂપ બની રહી છે. આ યોજના હેઠળ સગર્ભા ધાત્રી માતાને પૌષ્ટિક ભોજન માટે દર માસે રાજ્ય સરકાર દ્વારા ચણા, તુવેરદાળ અને સીંગતેલ આપવામાં આવે છે. સગર્ભા ધાત્રી માતાના આરોગ્ય અને પોષણ સ્તરમાં વધારો કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મહિલા ગર્ભ ધારણ કરે તે ૨૭૦ દિવસ અને બાળકના જન્મથી બે વર્ષ સુધીના ૭૩૦ દિવસના સમયગાળાના ૧૦૦૦ દિવસ ફર્સ્ટ વિન્ડો ઓફ ઓપર્ચ્યુનીટી તરીકે ઓળખવામાં આવે છે. આ ૧૦૦૦ દિવસ પર ધ્યાન કેન્દ્રિત કરવા આહારમાં ખોરાક સાથે પ્રોટીન, ફેટ તેમજ સૂક્ષ્મ પોષક તત્વો મળે એ ખૂબ જ મહત્વનું છે. જેને અનુલક્ષીને રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી માતૃશકિત યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ સગર્ભા અથવા જન્મથી બે વર્ષના બાળકના માતા જે આંગણવાડીમાં નોંધાયેલ હોય તે લાભ લઈ શકે છે. જેમાં લાભાર્થીને દર માસે આંગણવાડી કેન્દ્ર ઉપરથી આંગણવાડીની વિવિધ સેવાઓની સાથે રાશનમાં બે કિલો ચણા, એક કિલો તુવેર દાળ, અને એક



લીટર સીંગતેલ આપવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ ચાલુ વર્ષે રાજ્ય સરકાર દ્વારા રૂા.૮૧૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ખાસ લેખ – ક્રિષ્ના સીસોદિયા

## ઝાંઝરડા -૧ આંગણવાડીમાં ૩૦ સગર્ભા -ધાત્રી માતાઓ મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાનો લાભ લે છે

આ આંગણવાડી કેન્દ્રના કાર્યકર વર્ષાબેન મહેતાએ જણાવ્યું હતું કે, ઝાંઝરડા -૧ આંગણવાડી કેન્દ્ર હેઠળ કુલ ૩૦ લાભાર્થી આ યોજનાનો લાભ લે છે. જેમાં પાંચ સર્ગભા અને ૨૫ ધાત્રી માતાઓને નિમિતપોષણ કીટ આપવામાં આવે છે. આ સાથે જ તેમને આ કીટના ફાયદા વિશે પણ જણાવવામાં આવે છે. જૂનાગઢ મહાનગરપાલિકા અંતર્ગત ટીંબાવાડી સેજાની ઝાંઝરડા -૧ આંગણવાડી કેન્દ્રમાં મુખ્યમંત્રી માતૃશકિત યોજનાના લાભાર્થી અવનીબેન હિંગળાજીયાએ કહે છે, રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી માતૃશકિત યોજના હેઠળ મળતી આ સહાયથી પ્રોટીન



અને અન્ય જરૂરી પોષણ તત્વો મળી રહે છે. આ યોજના માટે અમે રાજ્ય સરકારના આભારી છીએ. જયારે બીજા લાભાર્થી બહેન મનિષાબેન પટોળીયા કહે છે, અમને અમારા આંગણવાડી કેન્દ્રના વર્કર બહેન આ પોષણ કીટનો નિયમિત લાભ લેવા અને તેના ફાયદા વિશે સમજાવે છે. અન્ય એક લાભાર્થી સીમાબેન કણસાગરાએ જણાવ્યું હતું કે, આ પોષણ કીટની સહાયથી દરરોજ જમવામાં પૌષ્ટિક દાળ, વઘારેલા ચણા, પુરણપોળી બનાવું છું. જેનાથી મારા પોષણના સ્તરમાં વધારો થઈ રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારને ૧૦૦ દિવસ પૂર્ણ થતા વિવિધ યોજનાઓના લાભો લાભાર્થીઓ સુધી પહોંચ્યા છે. આ અંગે લાભાર્થીઓએ ખુશીની લાગણી વ્યક્ત કરી છે.

## રાજ્યના નાના બાળકો તથા યુવક-યુવતિઓ માટે પર્વતારોહણ પ્રવૃત્તિમાં જોડાવાની ઉમદા તક

જૂનાગઢ,તા.૧૧

કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ સંચાલિત ખડક ચઢાણ એડવેન્ચર કોર્સ તથા ખડક ચઢાણ બેઝિક કોર્સનું આયોજન અએપ્રીલ ૨૦૨૩ થી ફેબ્રુઆરી ૨૦૨૪ દરમ્યાન જૂનાગઢ ખાતે યોજાનાર છે. ખડક ચઢાણ એડવેન્ચર કોર્સ, વય મર્યાદા ૮ થી ૧૩ વર્ષ, સમયગાળો ૭ દિવસ, સ્પેશ્યલ એડવેન્ચર કોર્સ વય મર્યાદા ૪૫ થી ૬૦ વર્ષ, સમયગાળો ૭ દિવસ, ખડક ચઢાણ બેઝિક કોર્સ વય મર્યાદા ૧૪ થી ૪૫ વર્ષ, સમયગાળો ૧૦ દિવસની તાલીમ આપવામાં આવશે. આ અંગેનું નિયત ફોર્મ **facebook page – SVIM ADMINIS-TRATION** ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. નિયત અરજી ફોર્મ જરૂરી પુરાવા સાથે કોર્સની તારીખના એક માસ અગાઉ પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વાતારોહણ તાલીમ કેન્દ્ર, લાખાકોઠા, ભવનાથ, જૂનાગઢ પીન કોડ ૩૬૨૦૦૨ ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફત જ ( કુરીયરમાં મોકલવું નહી ) મળી જાય તે રીતે મોકલી આપવાનું રહેશે. વધુ માહિતી માટે કચેરીના સંપર્ક નંબર ૦૨૮૫ ૨૬૨૭૨૨૮ ઉપર સંપર્ક કરવાનો રહેશે. એમ ઈન્સ્ટ્રકટર ઈન્ચાર્જ પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્રની એક અખબારી યાદીમાં જણાવવાયું છે.

## શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે પેરેન્ટીંગ સેમિનાર યોજાયો

જૂનાગઢ, તા.૧૧

આજનાં સમયમાં બાળકોનું ઘડતરએ એક ચેલેન્જ છે, ટેકનોલોજીનાં સમયમાં બાળકોને **Under-estimate** નહીં, પરંતુ **Understanding**ની આવશ્યકતા છે, ત્યારે ભાવિ પેઢીનું નિર્માણ કરવા સચોટ પેરેન્ટીંગની આવશ્યકતા છે. સતત બાળકોનાં ઘડતરની અને સંસ્કારની ચિંતા આજે ગુરૂકુલ કરી રહયું છે. એવા હેતુથી પેરેન્ટીંગ સેમીનારનું આયોજન કરવામાં આવેલ. શાસ્ત્રી શ્રી શ્રુતિપ્રકાશદાસજી સ્વામી **(Atlanta, USA)** દ્વારા આ વિષય ઉપર વાત કરવામાં આવેલ અને ખરા અર્થમાં બાળકોનાં ઘડતરમાં માતા-પિતાનું પેરેન્ટિંગ શું હોવું જોઈએ. એનું સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, આ પ્રસંગે સંસ્થાના વડા સદગુરૂ પુરાણી શ્રી જ્ઞાનસ્વરૂપદાસજી સ્વામીએ વિશેષ ઉપસ્થિત રહીને આર્શિવાદ આપ્યા હતા. આ કાર્યક્રમમાં સીનીયર ધારાશાસ્ત્રી કીરીટ સંઘવી અને સીનીયર પત્રકાર ધીરૂભાઈ પુરોહિત ઉપસ્થિત રહયા હતા. ૫૫૦થી વધારે માતા-પિતાએ આ સેમીનારનો લાભ લીધો હતો.

ભાવનગરથી ૧૫ વર્ષીય તરૂણી

## જૂનાગઢ રેલવે સ્ટેશન આવી પહોંચતા ૧૮૧ મહિલા હેલ્પ લાઈન ટીમે શિશુમંગલ સંસ્થામાં આશ્રય અપાવ્યો

જૂનાગઢ,તા.૧૦

જૂનાગઢ શહેરમાં કાર્યરત ૧૮૧ મહીલા હેલ્પ લાઈનમાં રેલવે પોલીસ અધિકારીએ કોલ કરી જણાવેલ કે, જૂનાગઢ રેલવે સ્ટેશન પ્લેફોર્મ ઉપરથી એક ૧૫ વર્ષીય તરૂણી મળી આવેલ છે. કોલ મળતા તુરંત ૧૮૧ મહીલા હેલ્પ લાઈન ટીમના ફરજ ઉપરના કાઉન્સેલર અરૂણાબેન કોલડીયા તથા મહિલા પોલીસ ઉજાલારબેન ખાણીયા તથા પાઈલોટ અલ્પેશભાઈ સહિતની ટીમ સ્થળ ઉપર પહોંચી તરૂણીને મળ્યા હતા. તરૂણીનું કાઉન્સેલીંગ કરતા જણાયેલ કે, ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના હોય અને તેમના માતાએ બીજા લગ્ન કરી લેતા તરૂણી દાદી સાથે રહેતી હતી તેના દાદી મારપીટ કરી હેરાનગતિ કરતા હોવાથી તેમના માતા સાથે થોડા દિવસથી રહેવા જતા રહેલ હોય, પરંતુ ત્યાં તેના માતા સાથે તેમના પતિએ ઝઘડો કરતા તરૂણી સાંભળી લેતા તેમના મન ઉપર લાગી આવતા ઘરેથી નીકળી જઈ જૂનાગઢ આવી ગઈ હતી. તરૂણીને હાલ તેમના દાદી સાથે રહેવા માગતા ના હોય અને માતા સાથે રહેવું હોય જેથી તેમના માતા સાથે રેલવે પોલીસે



સંપર્ક કરાવ્યો હતો અને તેમના માતા તરૂણીને રાખવા તૈયાર હોય પરંતુ હાલ તેઓને આવતા સમય લાગશે તેમ જણાવેલ જેથી તરૂણીને સુરક્ષા અને આશ્રય માટે શિશુમંગલ સંસ્થામાં લઈ જઈ ત્યાં આશ્રય અપાવવામાં આવ્યો હતો.

## સત્યમ સેવા યુવક મંડળની અનોખી સેવા

જૂનાગઢ, તા.૧૧

સત્યમ સેવા યુવકમંડળ દ્વારા હોસ્પિટલના સેવાભાવી કાર્યકરો કે.કે.ગોસાઈ, કમલેશભાઈ ટાંક, પટેલ સવજીભાઈ, રણછોડભાઈ ગોડફાડ, મનહરસિંહ ઝાલા, કૈલાશપુરી ગોસાઈ, પરસોત્તમભાઈ પટેલ વગેરે



દ્વારા બીનવાર્ષી વોર્ડમાં જેમના વાળ, દાઢી વધી ગયું હોય અને જીવાત પડી ગયેલી હોય એવા દર્દીઓને ભોજન, ચા, નાસ્તો કરાવી ઉપર મુજબના સેવાભાવી કાર્યકરો દ્વારા સ્વસ્થ કરેલ આવી અઘરી સેવા કરવા બદલ સત્યમ સેવા યુવક મંડળના તમામ ટ્રસ્ટીઓ તેમજ કાર્યકરો દ્વારા સેવા કરવા બદલ અભિનંદન પાઠવેલ.

## શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સરકારી પ્રાથમિક શાળા ભેંસાણ દ્વારા વાર્ષિક ઉત્સવ રીમઝીમ-૨૦૨૩ની ભવ્ય ઉજવણી કરવામાં આવી

જૂનાગઢ,તા.૧૧

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જીન પ્લોટ પે સે. સરકારી પ્રાથમિક શાળા,ભેસાણ દ્વારા વાર્ષિક ઉત્સવ રીમઝીમ-૨૦૨૩ ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અનેક દાતાઓ મદદરૂપ થયા હતા અને તેમનુ આ પ્રસંગે સન્માન કરવામાં આવ્યું હતું. ધોરણ ૧ થી ૮ ના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ વર્ષે વિવિધ ક્ષેત્રે પોતાની પ્રતિભા પ્રગટ કરનાર પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું જેમાં ખાસ કરીને કલા મહાકુંભની અંદર ૪૮૦૦૦ જેવી માતબર





રકમ જીતનાર વિદ્યાર્થીઓનુ, રાષ્ટ્રીય કક્ષાની એન.એમ.એમ.એસ. પરીક્ષામાં રાજ્ય મેરીટ યાદીમાં સ્થાન પામી ૪૮૦૦૦ શિષ્યવૃતિ મેળવનાર રૂડાણી કુંજ અને કાછડીયા ઋષિલ , તેમજ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા યોજાતી પી.એસ.ઈ.પરીક્ષામાં તાલુકામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ હરખાણી કુંજ તેમજ નિવૃત્ત શિક્ષકોનું વિદાય સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૂનાગઢથી દાનીરાયજી આચાર્ય ગૃહના આચાર્ય શ્રી પરમ પૂજ્ય ગોસ્વામીશ્રી વ્રજેન્દ્રકુમારજી (રવિવાબા), તથા ધારાસભ્યના પ્રતિનિધિ તરીકે ગોપાલભાઈ ભાયાણી, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન મધુબેન વિરેન્દ્રભાઈ સાવલિયા, આઈસીડીએસના ચેરમેન લાભુબેન અનુભાઈ ગુજરાતી, જિલ્લાપંચાયતના શાસક પક્ષના કુમારભાઈ બસીયા, તાલુકા પંચાયત ભેસાણના પ્રમુખ નિલેશભાઈ સાવલિયા, તાલુકા વિકાસ અધિકારીશ્રી ભાવસાર, તાલુકા શિક્ષણ અધિકારી હસમુખભાઈ નિમાવત, તાલુકા પંચાયતના સદસ્ય, એવા રેખાબેન હસમુખભાઈ શીલુ અને સુધાબેન રાજેશભાઈ ભેસાણીયા, અગ્રણી રમેશભાઈ હિરપરા, પ્રવીણભાઈ સોજીત્રા તથા જૂનાગઢ જિલ્લાના રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ એવા સુરેશભાઈ ખુમાણ, ભેસાણ તાલુકાના રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ નરેન્દ્ર ભાઈ ભુવા, મંત્રી શ્રી ગૌરાંગભાઈ જેઠવા દિલીપભાઈ ડાંગર, પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષમંડળના મંત્રી ચાવડાભાઈ, સી.આર.સી વિવેકભાઈ સાપરિયા, તથા ગ્રામ પંચાયતના પૂર્વ સદસ્ય એવા ડાયાભાઈ ગીડા તેમજ પત્રકાર મિત્રોમાં રમેશભાઈ મહેતા કાસમભાઈ સૌથી તરુણભાઈ મેલવાણી વગેરે મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ વાર્ષિક ઉત્સવમાં સાત જેટલી કૃતિઓ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. આ કાર્યક્રમને નિહાળવા માટે મોટી સંખ્યામાં ગ્રામજનો, વાલીઓ એસએમસીના સભ્યો તથા કર્મચારી મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

## જામનગર ડિસ્ટ્રિક્ટ બેંકની મંડળીના સભાસદનું નિધન થતા વારસદારને રૂપિયા પાંચ લાખનો ચેક અપાયો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામ કલ્યાણપુર તાલુકામાં આવેલી ધી જામનગર ડિસ્ટ્રિક્ટ કોપરેટીવ બેંક લિમિટેડ સંયોજિત શ્રી કૃષિ ઉદ્યોગ સેવા સહકારી મંડળી લિમિટેડના સભાસદ તરીકે ફરજ બજાવતા ગજુભા ધનુભા જાડેજા નામના યુવાનનું ૪૮ વર્ષની વયે અકસ્માતે નિધન થતાં ધી જામનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડના અંગત અકસ્માત વીમા યોજના અન્વયે રૂપિયા પાંચ લાખનો વીમા કલેમનો ચેક બેંકના ચેરમેન પી.એસ. જાડેજાના હસ્તે મૃતક સભાસદના વારસદાર



વિશ્વરાજસિંહ ગજુભા જાડેજાને સુપ્રત કરવામાં આવ્યો હતો. આ સાથે કૃષિ ઉદ્યોગ સેવા સહકારી મંડળીના પ્રમુખ ગંભીરસિંહ જાડેજા, મંત્રી પરાક્રમસિંહ જાડેજા તથા સીદસરા ગામના આગેવાન, સરપંચ તથા બ્રાન્ચ મેનેજર રામદેભાઈ માળીયા હાજર રહ્યા હતા અને પીએમએસબીવાય યોજનાની જાણકારી આપવામાં આવી હતી. સભાસદો આ યોજનાનો વધુમાં વધુ લાભ લ્યે તેવા પ્રયત્નો કરવા પણ જણાવ્યું હતું. આ સાથે સહકારી મંડળીના પ્રમુખ ગંભીરસિંહ જાડેજા દ્વારા ડિસ્ટ્રિક્ટ બેંકના ચેરમેન પી.એસ. જાડેજાનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

## વેરાવળ-ગડુ રોડ ઉપર સુપાસી ગામ નજીક છકડો રીક્ષાના ચાલકે પ્યાગો રીક્ષાને હડફેટે લેતા ચાલકનું મૃત્યુ

(રાકેશ પરડવા દ્વારા) વેરાવળ, તા.૧૧

આ અકસ્માતની પોલીસમાંથી પ્રાપ્ત માહીતી મુજબ ગડુ ગામે રહેતા જીવાભાઈ ખીમાભાઈ વાઘેલા અતુલ પ્યાગો રીક્ષા નં. જી.જે. ૧૧ યુયુ ૪૧૪૨માં વેરાવળથી ગડુ આવી રહેલ તે વખતે સુપાસી-ચાંડુવાવ રોડ ઉપર ખુશ ટ્રક ગેરેજની સામેના રોડ ઉપર છકડો રીક્ષાના નં. જી.ટી.ડબલ્યુ. ૫૭૩૮ ના ચાલકે બેફીકરાઈથી ચલાવી જીવાભાઈની રીક્ષાને પાછળથી હડફેટે લેતા જીવાભાઈને માથાના ભાગે તથા શરીરે ઈજાઓ પહોંચતા તેમનું મૃત્યુ નીપજેલ છે. જયારે છકડો રીક્ષા ચાલક નાસી છુટેલ હતો. આ અકસ્માત અંગે મૃતકના પુત્ર રામજીભાઈ વાઘેલાએ છકડો રીક્ષાના ચાલક સામે પોલીસમાં ફરીયાદ નોંધાવતા વધુ તપાસ પી.એસ.આઈ. દિલીપભાઈ કાગડા એ હાથ ધરેલ છે.

## ખંભાળિયા અને ભાણવડમાં કોંગ્રેસ દ્વારા "જય ભારત સત્યાગ્રહ કાર્યક્રમ" યોજાયો : મોટી સંખ્યામાં આગેવાનો કાર્યકરો જોડાયા

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૧

ગુજરાત કોંગ્રેસ સમિતી દ્વારા "જય ભારત સત્યાગ્રહ કાર્યક્રમ" હેઠળ દરેક તાલુકામાં યોજવાના કાર્યક્રમ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે સૌરાષ્ટ્ર કચ્છનાં કોંગ્રેસ પાર્ટીના પ્રભારી અને એ.આઈ.સી.સી. **(AICC)**ના જનરલ સેક્રેટરી રામકિશન ઓઝાજી ખંભાળિયા તાલુકા તથા શહેરના કાર્યકર્તાને સંબોધીને આ સત્યાગ્રહને આગળ વધારવા માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યાસીનભાઈ ગજ્જન, જિલ્લા પ્રભારી સારાબેન મકવાણા, જી.પી.સી.સી.ના ઉપપ્રમુખ ભીખુભાઈ વારોતરિયા, માજી મંત્રી ડો. રણમલભાઈ



વારોતરિયા, સોશિયલ મીડિયા ચેરમેન રાહુલ જગતિયા, એભાભાઈ કરમુર, નાગાજણભાઈ જામ, જીવાભાઈ કનારા, કાંતિભાઈ નકુમ, વિજય ગોરિયા, હિતેશ નકુમ, કપિલ ત્રિવેદી, છાયાબેન કુવા, પરબત લગરિયા, અબ્બાસભાઈ ભાયા તથા મોટી સંખ્યામાં આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ જ રીતે ભાણવડ ખાતે પણ કરવામાં આવેલા સંબોધનમાં જિલ્લાપ્રમુખ યાસીનભાઈ ગજ્જન સાથે સ્થાનિક આગેવાનો ગિરધરભાઈ વાઘેલા, ધરણાંતભાઈ આંબલીયા, હિતેષભાઈ જોશી, ભરતભાઈ વાઘેલા, વાહીદભાઈ ગીરાચ, ડો.જાવિયા, રસિકભાઈ ચૌહાણ, સુભાષભાઈ રાડિયા, હિમાંશુભાઈ રાડિયા સહિતના આગેવાનો-કાર્યકરો જોડાયા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

## હિંદુ ફોબિયા ચિંતાજનક સ્થિતિ : નફરત ફેલાવનારા પર કડક નજર જરૂરી !!

અમેરિકાના જ્યોર્જિયા પ્રાંતની એસેમ્બ્લીમાં હિંદુફોબિયા વિરોધી વિસ્તૃત પ્રસ્તાવ મથાળાંમાં ચમકચો તે સ્વાભાવિક છે. જેમણે વિશ્વભરમાં હિંદુત્વ અને હિંદુઓ વિરૂધ્ધ અભિયાનો પર નજર રાખી છે, તેમને આ પ્રસ્તાવના મહત્ત્વનો પૂરેપૂરો આભાસ હશે. હિંદુઓ વિરૂધ્ધ દુષ્પ્રચારને કારણે વધતી ઘૃણા અને આક્રમકતાને જોતાં ૨૨ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની સ્થાયી પ્રતિનિધિ ટી.એસ. તિરુમૂર્તિએ હિંદુફોબિયાનો મુદ્દો ઉઠાવતાં કહ્યું હતું કે હિંદુ વિરોધી, શીખ વિરોધી અને બૌધ્ધ વિરોધી ફોબિયા ચિંતાનો વિષય છે અને સદસ્ય દેશોએ એના પર ધ્યાન આપવું જોઈએ. ભારતે સંયુક્ત રાષ્ટ્રને ધ્યાન અપાવ્યું કે વિશ્વ સંસ્થાએ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઈસ્લામોફોબિયા, ક્રિશ્ચિયનોફોબિયા અને એન્ટી-સેમિટિઝમ પર તો ચર્ચા કરી અને ત્રણેયનો ઉલ્લેખ ગ્લોબલ કાઉન્ટર ટેરરિઝમ સ્ટ્રેટેજીમાં પણ મળે છે, પરંતુ હિંદુવિરોધી, બૌધ્ધવિરોધી અને શીખવિરોધી ફોબિયાની પણ ચિંતા કરવી જોઈએ. હિંદુઓ વિરૂધ્ધ દુષ્પ્રચાર, ઘૃણા, વિરોધ અને હુમલાની ઘટનાઓ અમેરિકા, કેનેડા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, જર્મની સહિત કેટલાય દેશોમાં જોવા મળી છે. અમેરિકાનું સ્થાન તેમાં સૌથી ઉપર છે. આ નાતે જ્યોર્જિયા દ્વારા તેના વિરુદ્ધ કાનૂની પહેલ મહત્ત્વપૂર્ણ છે.

હિંદુફોબિયા સંબંધિત કેટલાંક તથ્યો પર નજર નાખીએ તો આ પ્રસ્તાવનું મહત્ત્વ વધુ સ્પષ્ટ થશે. અમેરિકી સંસ્થા નેટવર્ક કંટેજિયન રિસર્ચ ઈન્સ્ટટિચૂટના સહ-સંસ્થાપક અને મુખ્ય વિજ્ઞાન અધિકારી જોએલ ફિંકેસ્ટાઈનનું કહેવું છે કે હિંદુવિરોધી ટિપ્પણીઓમાં છેલ્લા કેટલાક સમયમાં એક હજાર ટકાનો વધારો થયો છે. તેમાં નસલભેદી શ્વેત સમુદાય અને મુસ્લિમો સૌથી આગળ છે. આ સંસ્થાએ ઈન્ટરનેટ મીડિયા ચેનલોના વિશ્લેષણના આધાર પર હિંદુઓ વિરૂધ્ધ પ્રોપેગેન્ડાનો ડેટા તૈયાર કર્યો છે. તે અનુસાર અમેરિકા, ભારત, કેનેડા, બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને બેલ્જિયમમાં હિંદુઓ વિરૂધ્ધ નફરત ફેલાવનારાઓની સંખ્યા વધારે છે. અમેરિકામાં નફરત ફેલાવનારાની સંખ્યામાં સૌથી વધુ વૃધ્ધિ થઈ છે. સંસ્થાના અધ્યયન અનુસાર હિંદુઓ અને ભારતીયો વિરૂધ્ધ ઘૃણા ફેલાવવામાં પાકિસ્તાનની ભૂમિકા બહુ મોટી છે. પાકિસ્તાનમાં દરરોજ હિંદુઓ વિરૂધ્ધ હજારો નફરત ફેલાવનાર ટ્વીટ કરવામાં આવે છે. પશ્ચિમમાં વસેલા પાકિસ્તાની મૂળના લોકોએ મોદી સરકારના વિરોધના નામે એવાં જૂઠાણાં ચલાવ્યાં, જેનાથી લાગે કે હિંદુઓ અંધવિશ્વાસુ અને બીજા પંથો-મજહબો પ્રત્યે ઘૃણા રાખનાર સમુદાય છે. અમેરિકામાં ડેમોક્રેટિક પાર્ટીના નેતાઓનો એક સમૂહ આ હિંદુફોબિયાનો આગેવાન બનેલો છે. અમેરકામાં સાડી પહેરવા કે બિંદી લગાવનાર મહિલાઓથી માંડીને હિંદુ ધર્મના પ્રતીક ચિહ્ન રાખનારા લોકો પર હુમલા થયા છે. નાસાની ભારતીય મૂળની એક મહિલા વિજ્ઞાનીની સીટ પાછળ હિંદુ દેવતાની તસવીરને હિંદુફોબિયાનો આધાર બનાવી દેવામાં આવી. હિંદુફોબિયા પશ્ચિમની અનેક શિક્ષણ સંસ્થાઓ સુધી પહોંચી ગયો છે. આ સ્થિતિ બહુ ચિંતાજનક છે. એવી સ્થિતિમાં જ્યોર્જિયાનો પ્રસ્તાવ ઘણી હદે વિરોધીઓને કઠેરામાં ઊભા કરનારો છે. તેનો એક અંશ આ પ્રકારે છે - 'છેલ્લાં કેટલાંક વર્ષોમાં દેશના કેટલાય હિસ્સામાં હિંદુ અમેરિકીઓ વિરૂધ્ધ નફરતી અપરાધના કેસો નોંધાયા છે. કેટલાક શિક્ષણવિદોએ હિંદુફોબિયા ભડકાવ્યો છે, જે હિંદુ ધર્મને નષ્ટ કરવાનું સમર્થન કરે છે અને તેના પવિત્ર ગ્રંથો અને સાંસ્કૃતિક પ્રભાવો પર હિંસા અને ઉત્પીડનને ઉત્તેજન આપવાનો આરોપ લગાવે છે. હિંદુઓ વિરૂધ્ધ કટ્ટરતાને પહોંચી વળવા અને હિંદુ ધર્મ વિરૂધ્ધ નફરત ફેલાવનારા લોકો પર નજર રાખવી બેહદ જરૂરી છે.'

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પતિને તેના પત્ની દ્વારા કરાયેલા પાપના ફળ ભોગવવા પડે છે.

- આચાર્ય ચાણક્ય

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૨, મુ. રમજાન-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, ચૈત્ર વદ-૫છઠ્ઠનો ક્ષય છે તા.૧૧ એપ્રિલ ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૨૯, મુસ્લિમ તા.૧૯, જયેષ્ઠા નક્ષત્ર, વરિયાન યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૩૬, સૂ.અ.૭:૦૮

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય), બપોરે ૧૨:૫૮ ક. પછી જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કોઠોર પરિશ્રમ પછી કાર્યમાં સફળતા મળે. વાદ-વિવાદથી દૂર રહેવું.
વૃષભ: નવિન ખરીદીના યોગ છે. આકસ્મીક પ્રવાસ થાય.
મિથુન: જૂની ઓળખાણથી લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.
કર્ક: મનમાં મૂંઝવણ અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
સિંહ: જીવસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. આળસ અનુભવાય.
કન્યા: ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો. ધીરજના ફળ મીઠા મળે.
તુલા: મનમાં કચવાટ રહે. નજીકના લોકો સાથે મનદુઃખ રહે.
વૃશ્ચિક: સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. આયોજન મુજબના કાર્યો પાર પડે.
ધન: આકસ્મીક ધન લાભ થાય. નવિન કાર્યમાં સફળતા મળે.
મકર: નોકરી-ધંધાને લગતા કાર્યમાં સફળતા મળે. અણધાર્યો ધન લાભ થાય.
કુંભ: ઉતાવળે કોઈ નિર્ણય ન લેવો હિતાવહ. ધીરજના ફળ મીઠા મળે.
મીન: નવિન આયોજન સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય અંગે સાવચેત રહેવું.

# પીએમ મોદીનો 'જબરો ફેન'! કેરીને પીએમ મોદીનું આપ્યું નામ : ૨૦૨૪ની કરી છે આ તૈયારી

બિહારના ભાગલપુરમાં પીએમ નરેન્દ્ર મોદીના એક અનોખા ચાહક છે, જેમણે ૨ કેરીઓને ક્રોસ કરીને કેરીનું ફરી ઉત્પાદન કર્યું અને તેનું નામ મોદી રાખ્યું છે. તમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિવિધ પ્રકારના ચાહકો જોયા જ હશે. કેટલાક તેમના માટે ટેટૂ બનાવડાવે છે અને કેટલાક તેમની પૂજા કરે છે, પરંતુ ભાગલપુરના મેંગોમેન અશોક ચૌધરી વડા પ્રધાન મોદી માટે ખાસ લગાવ ધરાવે છે. વાસ્તવમાં અશોક ચૌધરીએ કેરીનું ઉત્પાદન કરીને તેનું નામ મોદી રાખ્યું છે.




અશોક ચૌધરીએ કેરીનું નામ મોદી અને મોદી-૨ રાખ્યું છે. અશોકે એ પણ જાહેરાત કરી છે કે ૨૦૨૪માં જે કેરી ઉગશે તેનું નામ મોદી-૩ રાખવામાં આવશે. આવો જાણીએ કોણ છે પીએમ મોદીના આ મોટા ફેન? જ્યારે પીએમ મોદી ૨૦૧૪માં પહેલીવાર જીત્યા હતા, ત્યારે અશોક ચૌધરીએ તે સમયે બે કેરીઓને ક્રોસ કરીને એક કેરીનું ઉત્પાદન કર્યું હતું, જેનું નામ મોદી હતું. ૨૦૧૯ માં જ્યારે વડા પ્રધાન મોદી ફરીથી જીત્યા, ત્યારે તેમણે બે કેરીને પાર કરીને નવી કેરીનું ઉત્પાદન કર્યું અને તેનું નામ મોદી-૨ રાખ્યું. અશોકે દાવો કર્યો હતો કે બંને વૃક્ષો પર આ વખતે જબરદસ્ત કેરીનું ઉત્પાદન આવશે. બંને કેરીઓમાં પણ તફાવત છે. જ્યાં મોદી કેરી સંપૂર્ણપણે લીલી છે, મોદી-૨ લાલ દેખાય છે. મેંગોમેન અશોક ચૌધરીએ કહ્યું કે પીએમ મોદી ૨૦૨૪માં ફરી જીતશે, ત્યારબાદ નવી કેરીઓનું ઉત્પાદન થશે, જેનું નામ મોદી-૩ હશે. જાણી લો કે મોદી-૨ કેરીનું ઝાડ ખૂબ નાનું છે પરંતુ આ વખતે મોટા પ્રમાણમાં ઉત્પાદન થવાની આશા છે. આ કેરી ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે. તેમણે કહ્યું કે જ્યારે ૨૦૨૧માં પહેલીવાર તેનું ઉત્પાદન થયું ત્યારે કેરીની ચર્ચા થઈ હતી. ત્યારથી ઘણા રાજ્યોના લોકો આ વૃક્ષને લઈ ગયા છે. અશોક ચૌધરી સુલતાનગંજ મહિષીમાં રહે છે. તેઓ મેંગોમેન તરીકે પ્રખ્યાત છે. અશોક કેટલાય એકરમાં કેરીનું ઉત્પાદન કરવાનું કામ કરે છે. તેમણે ૨૦૧૮માં જર્દાલુ કેરીને જીઆઈ ટેગ મેળવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ૨૦૦૭થી અત્યાર સુધી, જરદાલુ કેરી તેમના બગીચામાંથી વડાપ્રધાન અને રાષ્ટ્રપતિને મોકલવામાં આવે છે. અશોક ચૌધરી જરદાલુ જનરલ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ પણ છે.

## નાસાનો રિપોર્ટ સામે આવ્યો!... ૩૦ વર્ષમાં સમુદ્રનું સ્તર વધ્યું, ભારત માટે કેટલું જોખમ!.. ડરામણો છે આ રિપોર્ટ

(જી.એન.એસ)
નવીદિલ્હી,તા.૧૧

સમુદ્રનું વધતું જળસ્તર ઘણા નાના ટાપુઓ અને ઘણા દેશો માટે મોટો ખતરો છે. નાસાના તાજેતરના મૂલ્યાંકન દર્શાવે છે કે છેલ્લા ૩૦ વર્ષમાં દરિયાની સપાટીમાં ૯ સેમીથી વધુનો વધારો થયો છે. ૯ સેમી એક નાની સંખ્યા જેવી લાગે છે, પરંતુ દરિયાની સપાટીમાં આ રીતે વધારો ખરેખર ખરાબ સમાચાર છે. જો કે આ સરખામણીમાં ખૂબ જ નાનો ફેરફાર લાગે છે, તેને અવગણી શકાય તેમ નથી. સમુદ્રનું જળસ્તર વધવાને લઈને વર્લ્ડ મીટિયરોલોજિકલ ઓર્ગેનાઈઝેશન (WMO) ના વર્તમાન રિપોર્ટમાં પણ ચેતવણી આપવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે મુંબઈ, શાંઘાઈ, ઢાકા, બેંગકોક, જકાર્તા, માટુપો, ન્યૂયોર્ક, લોસ એન્જલિસ, બ્યૂનોસ એયર્સ, સૈનટિયા ગોલા ગોસ, કાયરો, લંડન અને કોપેનહેગન જેવા દુનિયાના મોટા શહેરોને તેનાથી ખતરો છે. લા નીના (La Niña) તે પ્રાકૃતિક પ્રભાવ છે, જે સમય-સમય પર મહાનગરોને ઠંડુ કરવાનું કામ કરે છે. પરંતુ તેના કારણમાં થનારા ફેરફારને જુઓ, ત્યારે પણ સમુદ્રનું સ્તર ખુબ વધી રહ્યું છે. અનુમાન પ્રમાણે ૨૦૫૦ સુધી સમુદ્રનું સ્કર ૦.૬૬ સેન્ટીમીટર પ્રતિ વર્ષના હિસાબથી વધવાનું શરૂ થઈ જશે. વિશ્વ હવામાન સંસ્થાએ પણ પોતાના રિપોર્ટમાં ભારતને લઈને ચેતવણી આપી છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સમુદ્રના વધતા જળ સ્તરને કારણે ભારત પણ મોટા જોખમમાં છે. રિપોર્ટ અનુસાર, ભારતનું મુંબઈ શહેર સૌથી વધુ જોખમમાં છે. વર્ષ ૨૦૨૧માં, ઈન્ટરગવર્મેન્ટલ પેનલ ઓન કલાઈમેટ ચેન્જ (IPCC) એ તેનો રિપોર્ટ રજૂ કર્યો. રિપોર્ટના આધારે, RMSI એ અનુમાન લગાવ્યું છે કે વર્ષ ૨૦૫૦ સુધીમાં મુંબઈ, ચેન્નાઈ, વિશાખાપટ્ટનમ, તિરુવનંતપુરમ, કોચી અને મેંગલોર સહિત ઘણા શહેરો દરિયાઈ સપાટી વધવાને કારણે ડૂબી શકે છે. જો કે, શહેરો સંપૂર્ણ રીતે ડૂબી ગયાનું કહેવામાં આવ્યું ન હતું, પરંતુ તે નીચાણવાળા દરિયા કાંઠાના વિસ્તારોમાં સ્થિત ગામોને અસર કરી શકે છે. ત્રણેય બાજુઓથી સમુદ્રથી ઘેરાયેલા હોવાથી ભારતનો દરિયાકિનારો ૭,૫૦૦ કિમી લાંબો છે. લોકો તેની આસપાસ ગીચ વસ્તીમાં રહે છે, તેથી દરિયાની સપાટીમાં વધારો હળવાશથી લઈ શકાય નહીં.

## કેળા-તરબૂચે યુવાનને બનાવી દીધો પ્રગતિશીલ ખેડૂત



કેવી રીતે બદલાઈ ગયું એક યુવાન ખેડૂતનું જીવન

બદલાતા સમયની સાથે નવી પેઢીની કામ કરવાની શૈલી પણ બદલાઈ રહી છે. આનું ઉદાહરણ છે મધ્યપ્રદેશના ખરગોનના રવિ પાલ. તેમનો પરિવાર પરંપરાગત ખેતી કરતો હતો, પરંતુ રવિએ બાગાયતી (Horticulture)પાકોમાં હાથ અજમાવ્યો અને તેના પ્રયત્નોએ બધું બદલી નાખ્યું. હાલમાં તેમની પ્રોડક્ટને મોટું માર્કેટ મળી ગયું છે, તેની સાથે નફો પણ વધી રહ્યો છે. ખરગોન જિલ્લાના કસરાવાડ જિલ્લાના તિગરિયા ગામના રવિ પાલ નવી વિચારસરણી અને સરકારના સંસાધનો અને વહીવટના માર્ગદર્શન સાથે બાગાયતી પાકના એક સ્થાપિત યુવા ખેડૂત તરીકે ઉભરી આવ્યા છે.

બાગાયતી ખેતીથી સારો નફો

રવિપાલ કહેછે કે પરંપરાગત ખેતી છોડીને બાગાયતી પાકની ખેતી કરીને સારો નફો મળવા લાગ્યો પછી પરિવારના સભ્યોએ સહકાર આપ્યો. એક ખાનગી કંપની દ્વારા કેળા (Banana) અને પપૈયાની (Papaya) નિકાસ કરવામાં આવતાં તેમને મોટું બજાર મળ્યું હતું. આ સાથે તરબૂચ માટે નિમાડ સહિતના ઉજ્જૈનના વેપારીઓના રસને કારણે તેમનું કામ સરળ બન્યું હતું. હવે ફળો સારા ભાવે હાથોહાથ વેચાય છે. પરંપરાગત ખેતીની સરખામણીએ ફળોની ખેતીમાં સારો નફો થવા લાગ્યો છે.

**PMKSY યોજનાનો લાભ લીધો**

બાગાયત વિભાગના નાયબ નિયામક કે કે ગહરવાલે જણાવ્યું હતું કે પ્રથમ રવિને ૦.૮ હેક્ટરમાં ટપક સિંચાઈ માટે ૨૦૧૫-૧૬માં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (રૂદ્રજીરૂ) માંથી ૫૬,૦૦૦ રૂપિયાની સબસિડી મળી હતી. ત્યારબાદ વિભાગના સતત સંપર્કમાં રહેવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આજે અઢી એકરમાં તરબૂચ અને એજ વિસ્તારમાં તરબૂચની સાથે કેળા અને પપૈયાનું વાવેતર ૨.૫ એકરમાં થાય છે.

## કોરોનાના વધતા કેસ વચ્ચે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સિવિલ હોસ્પિટલની સમીક્ષા કરી

ગાંધીનગર,તા.૧૧

વૈશ્વિક સ્તરે કોવીડ-૧૯ ના કેસો ચિંતાજનક રીતે વધારો થતો જોવા મળી રહ્યો છે. ભારત સરકાર દ્વારા કોવિડ - ૧૯ રોગચાળાને કાબુમાં લેવા વિવિધ પગલાંઓ ભરવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખભાઇ માંડવીયાના નેતૃત્વ હેઠળ કોરોના સામેની સજ્જતા અર્થે અગમચેતીના ભાગરૂપે ૧૦ અને ૧૧મી એપ્રિલે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કોરોના સામેની સજ્જતાની ચકાસણી અર્થેની મોકડ્રીલમાં સહભાગી બન્યા હતા.


એટલુંજ નહીં આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કોવિડ નિયંત્રણ માટેની તમામ વ્યવસ્થાઓ, ઓક્સિજન ટેક્ર, વેન્ટિલેટર, આઈ.સી.યુ માં બેડની ઉપલબ્ધતા, દવાનો જથ્થો, ઓક્સિજનકન્સન્ટ્રેટર સહિતની તમામ વ્યવસ્થાઓનું સ્થળ પર જઈને જાત નિરીક્ષણ કરીને સમગ્રતયા પરિસ્થિતિઓનો તાગ મેળવ્યો હતો. આરોગ્યમંત્રીએ આ મુલાકાતને પગલે કોરોના સામેની તૈયારીઓ માટેના કેટલાક જરૂરી સૂચનો પણ સંલગ્ન અધિકારીઓ અને હોસ્પિટલ તંત્રને કર્યા હતા. આરોગ્યમંત્રી -ઋષિકેશ પટેલે મીડિયા સાથેના સંવાદમાં જણાવ્યું કે, સમગ્ર દેશમાં તારીખ ૧૦ અને ૧૧ તારીખે મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે. આ મોકડ્રીલમાં કોરોના સામેની સજ્જતાની ચકાસણી કરવામાં આવનાર છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં પણ બે દિવસ દરમિયાન રાજ્યના ગ્રામ્ય સ્તરે આરોગ્ય કેન્દ્રો ઉપરાંત રાજ્યની સિવિલ હોસ્પિટલ તેમજ ખાનગી હોસ્પિટલ્સમાં મોકડ્રીલ યોજાશે. આ મોકડ્રીલમાં હોસ્પિટલમાં ઉપલબ્ધ ઓક્સિજન ટેક્રની વ્યવસ્થા, દવાનો જથ્થો, વેન્ટિલેટર, આઈ.સી.યુ. બેડ સહિત માનવબળની ઉપલબ્ધતા અંગેની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવશે. આ દરમિયાન કોઈપણ વ્યવસ્થામાં ત્રૂટી જણાશે તો તેને સત્વરે દૂર કરવા માટે પણ જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે રાજ્ય આરોગ્ય વિભાગને સૂચના આપવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, રાજ્યના ૯૨૩૧ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧૪૭૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૩૬૫ સામુહિક આરોગ્ય કેન્દ્રો ઉપરાંત સરકારી સિવિલ હોસ્પિટલ અને શહેર તેમજ ગ્રામ્ય સ્તરની ખાનગી હોસ્પીટલોમાં બે દિવસીય મોકડ્રીલ યોજાનાર છે. હાલ રાજયમાં કોવિડ-૧૯ અંતર્ગત સરકારી અને ખાનગી હોસ્પિટલમાં ૧ લાખ ૩ હજાર થી વધુ બેડ ઉપલબ્ધ છે. જે પૈકી ૧૫ હજાર જેટલા આઇ.સી.યુ. અને ૯૭૦૦ જેટલા વેન્ટીલેટર બેડ ઉપલબ્ધ છે.

રાજયમાં ૧૦૮૯૯ ઓક્સિજન કોન્સ્ટ્રેટર મશીન અને ૪૭૬ પી.એસ.એ. પ્લાન્ટ દર્દીઓની સેવાર્થે કાર્યરત છે. કોરોનાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈને હાલ રાજયમાં દૈનિક ૨૦ થી ૨૨ હજાર જેટલા કોરોના ટેસ્ટીંગ કરવામાં આવે છે. રાજયમાં કોવિડ-૧૯ માટેના જરૂરી ટેસ્ટીંહગ માટે ૨૦૭ લેબોરેટરીને મંજુરી આપવામાં આવી છે.

જે પૈકી ૧૧૧ સરકારી અને ૯૬ ખાનગી લેબોરેટરી છે. જેની હાલ દૈનિક કુલ ટેસ્ટીંગ ક્ષમતા ૧ લાખ ૭૫ હજાર જેટલી છે. આર.ટી.પી.સી.આર. પોઝીટીવ દર્દીનું સીકવન્સીંગ કરવા માટે ગાંધાનગર ખાતે દર મહીને ૪૦૦૦ થી વધુ ઝીનોમ સીકવન્સીંગ ટેસ્ટ કરવાની ક્ષમતા છે. રાજય સરકારે કોવિડના ચોક્સસ મોનીટરીંગ માટે GERMIS સોફ્ટવેર વિકસાવ્યું છે.

## • રમઝાન મુબારક •




### વારસાધિકાર અંગેઈસ્લામીદષ્ટિકોણ

મુસ્લિમ સમાજમાં અને સાવિશેષ ભારતીય મુસ્લિમ સમાજમાં જે સડો પેઠો છે તે માત્ર દહેજ અને લગ્ન વગેરે પ્રસંગોમાં બેફામ ખર્ચ દ્વારા જ વ્યક્ત થતો નથી. એવી બીજી બાબતો પણ છે જે ઈસ્લામી આદેશોની સ્પષ્ટ નાફરમાની અને અલ્લાહતઆલાના આદેશોનાં ઉલ્લંઘન દ્વારા પણ વ્યક્ત થાય છે. આ પૈકી એક વારસાધિકાર છે. વારસાધિકાર એક એવી બાબત છે જેનાં ઈસ્લામી આદેશોનું સમાજમાં સામાન્યતઃ ઉલ્લંઘન થતું જોવા મળે છે. સૌપ્રથમ તો વારસાઈની વહેંચણી શરીઅતનાં આદેશ પ્રમાણે કરવામાં આવતી જ નથી અને કયાંક ક્યાંક જો કરવામાં આવતી હોય તો પણ એમાં એટલા બધા ષડ્યંત્રો રચવામાં આવે છે કે વાસ્તવમાં ઈસ્લામી વારસાધિકાર રહેતો નથી. બલ્કે અજ્ઞાનતા પૂર્ણ વારસાધિકાર બની જાયછે, જેના વિષે અલ્લાહનાં રસૂલ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમનું ફરમાન છે:

"જે વારસાની અજ્ઞાનતામાં વહેંચણી થઈ એ અજ્ઞાનતાની વહેંચણી ઉપર (આધારિત) છે." (ઈબ્નેમાજહ)

વારસાની સમસ્યા આપણાં સમાજમાં એટલી ગંભીર છે કે કોઈ વ્યક્તિ એ ગુનાથી સુરક્ષિત નથી. મૂળભૂત રીતે આમાં કન્યાઓને વારસામાંથી વંચિત રાખવામાં આવે છે. પરંતુ તેની બદી એટલી દૂરગામી અને એવી છે કે આ અપરાધમાં તમામ લોકો ભાગીદાર બની જાય છે. કન્યાઓને વંચિત રાખીને જે વારસો વહેંચવામાં આવશે અથવા કોઈપણ સાચા વારસદારને વંચિત રાખીને જે વારસો રહેશે તે નાજાઈઝ અને હરામ હશે. અલ્લાહ તઆલાએ સ્પષ્ટપણે આદેશ આપ્યો છે કે વારસાની વહેંચણી તેણે ચીંધેલ વહેંચણી પ્રમાણે કરવામાં આવે અને જે લોકો આ પ્રમાણે વહેંચણી નથી કરતાં તેને ગંભીર ચેતવણી આપવામાં આવી છે. અલ્લાહ તઆલાનો આદેશ છે:

**રોઝા : ૧૯ મંગળવાર**

"અને જે અલ્લાહ અને તેના રસૂલનાં આદેશોની અવજ્ઞા કરશે અને તેણે નક્કી કરેલી મર્યાદાઓ ઓળંગી જશે તેને અલ્લાહ આગમાં નાંખશે, તેના માટે અપમાનજનક શિક્ષા છે." (સૂર : અન્‌નિસા - ૧૪)

જે લોકો અલ્લાહે ચીંધેલા માર્ગે પોતાની મિલ્કતની વહેંચણી નથી કરતાં તેમના માટે કેટલી ગંભીર શિક્ષાની ચેતવણી છે, આ અંગે મૌલાના સૈયદ અબૂલ આલા મૌદૂદી રહ.એ તફહીમુલ કુર્આનમાં આ આયતની તફસીર-સ્પષ્ટીકરણમાં લખ્યુંછે: "આ એક અત્યંત ભયંકર આયત છે જેમાં એ લોકોને કાયમી અઝાબની ધમકી આપવામાં આવી છે જે અલ્લાહે નિયત કરેલ વારસાના કાયદામાં ફેરફાર કરે છે અથવા અલ્લાહે પોતાના ગ્રંથમાં જે કાનૂન મર્યાદાઓ સ્પષ્ટપણે નક્કી કરી દીધી છે તેનું ઉલ્લંઘન કરેછે, પરંતુ અફસોસની વાત એ છે કે મુસલમાનોએ આવી ગંભીર અઝાબની ધમકી છતાં યહૂદીઓ જેવી ધૃષ્ટતા દાખવીને અલ્લાહના કાનૂનમાં ફેરફાર કરી તેની મર્યાદાઓ ઓળંગી છે, વારસાનાં કાનૂનનું ઉલ્લંઘન તો ખુદાની વિરુદ્ધ ખુલ્લેઆમ બંડની કક્ષાએ પહોંચી ગયું છે, ક્યાંક તો સ્ત્રીઓને વારસામાંથી વંચિત કાયમી રીતે કરી દેવામાં આવે છે, અને ક્યાંક માત્ર દીકરાને જ વારસાનો હક્કદાર ઠેરવવામાં આવે છે, અને ક્યાંક ધરમૂળથી વારસાની વહેંચણીની પદ્ધતિનો ત્યજી દઈ સંયુક્ત કૌટુંબિક મિલ્કતની પદ્ધતિ અપનાવવામાં આવી, અને ક્યાંક સ્ત્રી અને પુરુષ બન્નેનો ભાગ સમાન રાખવામાં આવ્યો." (તફહીમુલ કુર્આન - પાના : ૩૨૦, ૩૨૧)

ઈસ્લામ દર્શન કેન્દ્ર, જૂનાગઢ

## આરટીઈ હેઠળ પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો

ગાંધીનગર,તા.૧૧

ગરીબ-મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ ખાનગી શાળામાં અભ્યાસ કરી શકે તે માટે સરકારની રાઈટ ટુ એન્યુકેશન એક્ટ ૨૦૧૫-૧૬થી અમલમાં છે. ત્યારે આરટીઈ હેઠળ પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. આરટીઈ એડમિશન ઓનલાઈન ફોર્મ ભરવા માટે ૧૨ દિવસનો સમય વાલીઓને આપવામાં આવ્યો છે. વાલીઓ ૨૨ એપ્રિલ સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકશે. તારીખ ૩૧ મે, ૨૦૨૩ સુધીમાં ૬ વર્ષ પૂર્ણ કરનાર બાળકને આરટીઈ હેઠળ ધોરણ ૧માં પ્રવેશ મળશે. ઓનલાઈન અરજીમાં વાલીઓ તેમના નિવાસની આસપાસની જે શાળાઓમાં બાળકનો પ્રવેશ લેવા ઈચ્છતા હોય તેવી ગુજરાતી કે અંગ્રેજી માધ્યમની શાળાઓ પસંદ કરી શકશે. ત્યાર બાદ ડ્રોના માધ્યમથી વિદ્યાર્થીઓને સ્કૂલમાં પ્રવેશ અપાશે. વાલીઓ આરટીઈની વેબસાઈટ **http://rte.orpgujarat.com** પર ફોર્મ ભરી શકશે. પ્રવેશ માટે કુટુંબમાં એકમાત્ર દીકરી હોય તેવા પરિવારોને શાળા પ્રવેશમાં પ્રાધાન્ય આપવામાં આવશે. મહાનગરપાલિકામાંથી વાલીએ સિંગલ ગર્લ ચાઈલ્ડનું પ્રમાણપત્ર અપલોડ કરવાનું રહેશે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૨ એપ્રિલ હોઈ બપોરના ૨ વાગ્યા સુધી અરજી સ્વીકારવામાં આવશે. એડમિશન માટે વાલીએ કરેલી અરજીમાં ખૂટતા ડોક્યુમેન્ટ અપલોડ કરવા માટે વાલીઓને ફરી એક તક ૨૫થી ૨૭ એપ્રિલ સુધી આપવામાં આવશે. ત્યારબાદ જે ખૂટતા ડોક્યુમેન્ટ અપલોડ થયા હશે તેની ચકાસણી ૨૫થી ૨૯ એપ્રિલ સુધી કરવામાં આવશે.

# ગુજરાત, બિહાર સહિત નવ રાજ્યો બન્યા સાયબર ક્રાઈમના હોટસ્પોટ

## સાયબર ક્રાઈમના આ ખતરનાક ઠગ એક પળમાં જ તમારા બેન્ક એકાઉન્ટમાંથી તમારી જિંદગી આખીની મહેનતની કમાણી ઉડાવી જાય છે

અમદાવાદ,તા.૧૧ દરેક નવી સુવિધા કે ટેક્નોલોજી તેની સાથે કેટલાંક એવાં અનિષ્ટો પણ લઈને આવે છે, જે તેને એક ક્ષણમાં જ આશીર્વાદમાંથી શ્રાપમાં બદલી નાખે છે. જેટ સ્પીડવાળા ઈન્ટરનેટના આ આધુનિક યુગમાં આજે લોકો સોશિયલ મીડિયા ઉપર સતત પોતાની અંગત જિંદગીના અપડેટ્સ પોસ્ટ કરીને લાઈક અને કોમેન્ટ્સની રાહ જોઈને બેઠા હોય છે ત્યારે કેટલાક શાતિર લોકો માનવ મનની દરેક નબળાઈનો પૂરેપુરો ગેરલાભ ઉઠાવીને જાળ બિછાવી તૈયાર જ બેઠા હોય છે. સાયબર ક્રાઈમના આ ખતરનાક ઠગ એક પળમાં જ તમારા બેંક એકાઉન્ટમાંથી તમારી જિંદગી આખીની મહેનતની કમાણી ઉડાવી જાય છે અને મોટા ભાગના કેસમાં પોલીસ પણ તેમના સુધી પહોંચવામાં અસમર્થ નીવડે છે. સાયબર ક્રાઈમ પોલીસ અને નિષ્ણાતોની વારંવારની ગંભીર ચેતવણી છતાં પણ લોકો અન્યની ભૂલમાંથી પાઠ શીખતા નથી અને આવા ઠગની બિછાવેલી જાળમાં ફસાઈને હજારો, લાખો અને ક્યારેક તો કરોડો રૂપિયા પણ ગુમાવી બેસે છે. તમને જાણીને કદાચ આશ્ચર્ય થશે, પરંતુ હકીકત એ છે કે આપણા દેશમાં દિલ્હીથી લઈને આંધ્રપ્રદેશ અને ગુજરાતથી લઈને આસામ સુધી કુલ નવ રાજયમાં ત્રણ ડઝનથી પણ વધુ ગામ અને શહેર એવાં છે, જે ખતરનાક સાયબર ઠગનો ગઢ બની ચૂક્યાં છે. એક જમાનામાં ઝારખંડના જામતારાને જ સાયબર ક્રાઈમનો કિલ્લો ગણવામાં આવતું હતું, પરંતુ હવે કેન્દ્ર સરકાર ખુદ કબૂલી રહી છે કે દેશભરમાં એક કે બે નહીં, પરંતુ જામતારા જેવા ત્રણ ડઝનથી પણ વધારે ‘હોટસ્પોટ’ સક્રિય છે. સરકારના જણાવ્યા અનુસાર દેશનાં નવ રાજ્ય, હરિયાણા, દિલ્હી, ઝારખંડ, બિહાર, પશ્ચિમ બંગાળ, આસામ, ઉત્તરપ્રદેશ, ગુજરાત અને આંધ્રપ્રદેશમાં પણ હવે સાયબર ક્રાઈમ આચરતી ટોળકીના નવા ગઢ બની ગયા છે. રાજયવાર ‘હોટસ્પોટ’ની વાત કરીએ તો હરિયાણાના મેવાત, ભિવાની, નૂહ, પલવલ, મનોટા, હસનપુર અને હથન ગાંવ સાયબર ઠગનો ગઢ ગણાય છે. દિલ્હીના અશોકનગર, ઉત્તમનગર, શકરપુર, હરકેશનગર, ઓખલા અને આઝાદપુર ઠગ ટોળકીનાં નવાં ઠેકાણાં બન્યાં છે. આ સાથે બિહારના બાંકા, બેગુસરાઈ, જમુઈ, નવાદા, નાલંદા અને ગયામાં સાયબર ક્રિમિનલોએ અડ્ડો જમાવ્યો છે. આસામના બારપેટા, ધુબરી, ગોલપાડા, મોરિગાંવ, નાગાંવ નવાં એપી સેન્ટર બન્યાં છે. ઝારખંડનાં જામતારા ઉપરાંત દેવઘર, પશ્ચિમ બંગાળનાં આસનસોલ અને દુર્ગાપુર, ગુજરાતનાં અમદાવાદ અને સુરત શહેર, ઉત્તરપ્રદેશનું આઝમગઢ અને આંધ્રપ્રદેશનું ચિત્તુર હવે સાયબર અપરાધો માટેના નવા ગઢ બનીને ઊભર્યા છે. એક ચોંકાવનારી વાત એ છે કે આ તમામ રાજયમાં બેસીને સાયબર ક્રાઈમને અંજામ આપનારા મોટા ભાગના લોકો ભારત બહારના છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઠગ ચીન, પાકિસ્તાન અને તુર્કી જેવા દેશોમાંથી આવ્યા છે તુર્કી જેવા દેશોમાંથી આવ્યા છે અને તેમણે ભારતને પોતાનું ઠેકાણું બનાવ્યું છે. પોલીસ અને સાયબર




ક્રાઈમને ઉકેલતા એક્સપર્ટ જેમ જેમ આ ક્ષેત્રમાં હોશિયાર બનતા જાય છે તેમ તેમ ગુના આચરતી ઠગ ટોળકી પણ ‘અપડેટ’ અને ‘અપગ્રેડ’ થતી જાય છે. હવે તેમની ટોળકીમાં કાયદેસર તાલીમ લીધેલા હેકર્સ અને ટેકનોલોજીના એવા નિષ્ણાતો પણ સામેલ છે, જે દુનિયાના કોઈ પણ ખૂણે બેસીને તમારૂં બેંક એકાઉન્ટ સાફ કરી શકવામાં સક્ષમ છે. આ લોકો સતત મીડિયા અને સોશિયલ મીડિયાનો અભ્યાસ કરતા રહે છે અને માણસોનું નિરીક્ષણ કરીને ખતરનાક પ્લાન બનાવતા રહે છે. બદલાતા હ્યુમન બિહેવિયર સાથે અપરાધીઓ તેમની ટેકનિક પણ બદલી નાખે છે, જેથી તેમને ટ્રેક કે ટ્રેસ કરવા આસાન નથી. નકલી આઈડી પ્રૂફ કે અન્ય વ્યક્તિના ખરીદેલા ઓળખના પુરાવાના આધારે આ ટોળકી જથ્થાબંધ ભાવમાં સિમકાર્ડ ખરીદે છે. મોટા ભાગે તમારી સાથે ઓનલાઈન ફ્રોડ થાય ત્યારે બે કે તેથી વધુ લોકો સામેલ હોય છે. એક વ્યક્તિ ફોન કોલ ઉપર તમારી તમામ વિગતો મેળવી લે છે, જયારે બીજો એ જ વખતે એમના પોતાના સોફ્ટવેર કે પછી અન્ય લિંકના માધ્યમથી એ વિગતો અપલોડ કરીને તમને લાખોનો ચૂનો લગાવી દે છે. સાયબર ક્રાઈમને અંજામ આપનારા મોટા ભાગના શાતિર લોકો ખાસ કરીને માનવ મનની નબળાઈઓ અને ડરનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરીને જ પોતાનો ‘શિકાર’ પસંદ કરતા હોય છે. લોભ અને લાલચ તમને આવી ઠગ ટોળકીની જાળમાં ફસાવવાના ચારા સમાન હોયછે.

# ઈન્ફોર્મેશન ટેક્નોલોજી નિયમો અંગે કેન્દ્રની સૂચના ઉપર કપિલ સિબ્બલે કહ્યું કે, “હવે સરકાર નક્કી કરશે કે શું નકલી છે”

નવી દિલ્હી તા.૧૧ રાજયસભાના સાંસદ કપિલ સિબ્બલે શનિવારે નકલી સમાચારને ટ્રૅક કરવા અને તેમને દૂર કરવા માટે ફેક્ટ-ચેકરની નિમણૂક કરવા માટે ગુરૂવારે તેના નોટિફિકેશન અંગેના વિવાદ વચ્ચે કેન્દ્રની ટીકા કરી હતી. સિબ્બલે દાવો કર્યો હતો કે પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરો (PIB)ને ફેક ન્યૂઝના નિયુક્ત ફેક્ટ ચેકર અને ટ્રેકર તરીકે અભિષિક્ત કરવામાં આવ્યા છે. આ ઓનલાઈન પ્લેટફોર્મ PIB નક્કી કરશે કે, શું નકલી છે અને શું નકલી નથી અને તે તેને સૂચિત કરશે. તેનો અર્થ એ છે કે, હવે સરકાર નક્કી કરશે કે શું નક્લી છે અને શું નથી! અને અમિત શાહજી કહે છે કે લોકશાહી ખતરામાં નથી! ભૂતપૂર્વ કોંગ્રેસના નેતાએ દાવો કર્યો હતો કે PIBને નકલી સમાચાર પોલીસ તરીકે અભિષિકત કરવામાં આવી છે, ત્યારે કેન્દ્રીય પ્રધાન રાજીવ ચંદ્રશેખરે સ્પષ્ટતા કરી હતી કે, તાજેતરમાં જાહેર કરાયેલા નિયમોમાં PIB ફેક્ટ ચેકનો ઉલ્લેખ નથી. કેન્દ્રીય મંત્રીએ એવા અહેવાલોની સ્પષ્ટતા કરી કે સુધારેલ માહિતી ટેક્નોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) નિયમો, ૨૦૨૧ મુજબ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ અને અન્ય મધ્યસ્થીઓએ હવે ખાતરી કરવી પડશે કે, કેન્દ્ર વિશેના બનાવટી સમાચાર લેખો PIB દ્વારા એકવાર એલર્ટ થયા બાદ તેમના પ્લેટફોર્મ ઉપરથી કાઢી નાખવામાં આવે છે. મંત્રીએ કહ્યું કે, આ નિયમો એવું સૂચન કરતા નથી કે તે PIB ફેક્ટ ચેક હશે. મને લાગે છે કે, કેટલાક લોકોને ખરેખર ગેરસમજ થઈ છે અને આ નિયમનો મૂળ ડ્રાફ્ટ જે પરામર્શ માટે ગયો હતો તેમાં PIB ફેક્ટ ચેક વિશે વાત કરવામાં આવી હતી. સૂચિત કરાયેલા નિયમોમાં PIB ફેક્ટ ચેકનો ઉલ્લેખ નથી. તેમણે કહ્યું કે, અમારે હજી એ નિર્ણય લેવાનો બાકી છે કે, શું તે નવી સંસ્થા હશે કે, જેની સાથે વિશ્વસનીયતા જોડાયેલી હશે અથવા અમે કોઈ જૂની સંસ્થાને હકીકતની દૃષ્ટિએ વિશ્વસનીયતા તપાસવા માટે ઉપયોગ કરીશું. કેન્દ્રએ ઓનલાઈન ગેમિંગ અને સરકારી વ્યવસાય સંબંધિત ખોટી અને ગેરમાર્ગે દોરતી માહિતીના ફેલાવાને લગતા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (મધ્યસ્થી માર્ગદર્શિકા અને ડિજિટલ મીડિયા એથિક્સ કોડ) નિયમો, ૨૦૨૧ માં સુધારા અંગે સૂચનાઓ જારી કરી હતી. તે ઉપરાંત, હવે સુધારેલા નિયમો મધ્યસ્થીઓ ઉપર કેન્દ્ર સરકારના કોઈપણ વ્યવસાયના સંદર્ભમાં નકલી, ખોટી અથવા ભ્રામક માહિતી પ્રકાશિત, શેર અથવા હોસ્ટ ન કરવાનું પણ ફરજિયાત બનાવે છે. આઈટી મંત્રાલયે એક પ્રેસ નોટમાં જણાવ્યું હતું કે, આ નકલી, ખોટી અથવા ભ્રામક માહિતી કેન્દ્ર સરકારના સૂચિત ફેક્ટ ચેક યુનિટ દ્વારા ઓળખવામાં આવશે.

# USના સૌથી ધનિક ભારતીયોમાંથી એક જય ચૌધરીને મળો જેમણે ઝાડ નીચે અભ્યાસ કરવાથી માંડીને હાલ તેમની કુલ સંપત્તિ ૫૦,૦૦૦ કરોડ રૂપિયા છે

નવી દિલ્હી, તા.૧૧ સાયબર સિક્યોરિટી ફર્મ ઝીસ્કેલરના સીઈઓ અને સ્થાપક જય ચૌધરી ૫.૯ બિલિયનની કુલ સંપત્તિ સાથે યુ.એસ.ના સૌથી ધનિક ભારતીયોમાંના એક છે. જય ચૌધરી અને તેમનો પરિવાર ઝીસ્કેલરમાં ૪૫ ટકા હિસ્સો ધરાવે છે જે નસ્દાક-યાદીમાંની કંપની છે. ઝીસ્કેલરની કિંમત લગભગ ૧૫ બિલિયન યુ.એસ. ડોલર છે. ૬૨ વર્ષીય જય ચૌધરીનો જન્મ હિમાચલ પ્રદેશના ઉના જિલ્લાના એક નાનકડા ગામમાં થયો હતો. ગામમાં નિયમિત રીતે વીજ પુરવઠો મળતો ન હતો તથા પીવાના પાણીની પણ અછત હતી. જય ચૌધરીના માતા-પિતા ખેડૂત હતા અને બાળપણમાં ચૌધરી ઝાડની નીચે બેસી અભ્યાસ કરતા હતા. ટ્રિબ્યુનને આપેલા ઈન્ટરવ્યુમાં ચૌધરીએ જણાવ્યું હતું કે હું દરરોજ લગભગ ૪ કિમી ચાલીને પાડોશી ગામ ધુસારા ખાતેની ઉચ્ચ વિદ્યાલયમાં જતો હતો. જય ચૌધરી એક તેજસ્વી વિદ્યાર્થી હતા અને તેમણે વારાણસીની બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં બીટેક પૂર્ણ કર્યા બાદ જય ચૌધરી યુનિવર્સિટી ઓફ સિનસિનાટીમાં એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટમાં માસ્ટર્સ કરવા માટે યુ.એસ. રવાના થયા. ૧૯૯૬માં સિક્યોર આઈ.ટી. નામની સાયબર સિક્યુરિટી ફર્મ શરૂ કરી તે પહેલા તેઓએ આઈબીએમ, યુનીસીસ અને આઈક્યુ સોફ્ટવેર જેવી મોટી કંપનીઓમાં બે દાયકાથી વધુ સમય કામ કર્યું હતું. ઝીસ્કેલર પહેલા જય ચૌધરીએ અન્ય ઘણી કંપનીઓની સ્થાપના કરી. જેમ કે કોરહર્બર સિક્યોર આઈટી, સિફરટ્રસ્ટ અને હવાઈ સંરક્ષણ વગેરે. ૨૦૦૮માં જય ચૌધરીએ ઝીસ્કેલરની સ્થાપના કરી જે હાલમાં ૫૦૦૦થી વધુ ગ્રાહકો ધરાવે છે તથા ૨,૬૦૦થી વધુ કર્મચારીઓ પણ ધરાવે છે

# દેશના કુલ કપાસનું ત્રીજા ભાગનું ૩૦ ટકા ઉત્પાદન ગુજરાતમાં થાય છે

ગાંધીનગર, તા.૧૧ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારતને ગ્લોબલ ટેકસટાઈલ હબ બનવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પમાં ગુજરાતના સમગ્ર ટેકસટાઈલ ઉદ્યોગને યોગદાન આપવામાં અગ્રેસર રાખવાની નેમ વ્યક્ત કરી છે. આ સંદર્ભે તેમણે કહ્યું કે, દેશના કુલ કપાસ ઉત્પાદનનું ૩૦% ઉત્પાદન ગુજરાતમાં થાય છે. એટલું જ નહીં ટેક્નિકલ ટેકસટાઈલમાં ૨૫% ટકાથી વધુનું યોગદાન ગુજરાત આપ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ગુજરાત પોલિસી ડ્રિવન સ્ટેટની ખ્યાતિ સાથે વાઈબ્રન્ટ સમિટની સફળતાથી દેશ-વિદેશના રોકાણકારો માટે રોકાણની પ્રથમ પસંદગીવાળું રાજય બન્યું છે. આવી પ્રોત્સાહક નીતિઓ અને બિઝનેસ ફ્રેન્ડલી એનવાયરમેન્ટને પરિણામે દેશના જીડીપીમાં ૮%થી વધુ અને ઈન્ડસ્ટ્રીયલ આઉટપુટમાં ૧૮%થી વધુ હિસ્સો ગુજરાત આપે છે. મુખ્યમંત્રીએ રાજ્યમાં PM મિત્રા ટેકસટાઈલ પાર્કના સાનુકૂળ વાતાવરણ અને અદ્યતન સુવિધાઓ માટે રાજ્ય સરકાર ટેકસટાઈલ ઉદ્યોગોની સાથે રહેશે એમ પણ આ તકે જણાવતા આ ટેકસટાઈલ લીડરશીપ કોક્લેવ કાપડ ઉદ્યોગના અમૃતકાળ માટે ઉદ્દીપક બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો. આ અવસરે ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે.હૈદર, ટેકસટાઈલ ટાસ્ક ફોર્સના પ્રતિનિધિઓ તથા જમ્મુ-કાશ્મીરથી લઈ તામિલનાડુ સહિતના વિવિધ રાજ્યોના ૪૦ સહિત કુલ ૭૮ એસોસિએશનના પ્રતિનિધિઓ જોડાયા હતા. આ કોંક્લેવના સમગ્ર દિવસ દરમ્યાનના બે સત્રોમાં ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે જોડાયેલા અનેક વક્તાઓએ ટેક્ષટાઈલ ઉદ્યોગ સેકટર ના પોતાના વર્ષોના અનુભવો શેર કર્યા હતા, તેમજ ઓડિયો વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન પણ કર્યું હતું

# ૧૦ પ્રાદેશિક પક્ષોને ૨૦૨૧-૨૨માં ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા રૂા. ૮૫૨ કરોડ મળ્યા : એડીઆર રિપોર્ટ

નવી દિલ્હી, તા.૧૧ ડીએમકે, બીજેડી, વાયએસઆર કોંગ્રેસ, જેડીયુ અને આપ સહિત દસ પ્રાદેશિક પક્ષોએ ૨૦૨૧-૨૨માં ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા રૂા. ૮૫૨.૮૮ કરોડનું દાન મેળવવાની જાહેરાત કરી છે એમ ચૂંટણી સુધારણા માટે કામ કરતી એક એનજીઓએ રિપોર્ટમાં જણાવ્યું છે. નાણાકીય વર્ષ માટે ૩૬ પ્રાદેશિક પક્ષોની કુલ આવક રૂા. ૧,૨૧૩ કરોડ હતી એમ એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) એ સત્તાવાર ડેટાને ટાંકીને એક અહેવાલમાં જણાવ્યું હતું. આ અહેવાલમાં ૨૦૨૧-૨૨ દરમ્યાન ૫૪માંથી ૩૬ પ્રાદેશિક પક્ષો દ્વારા કરવામાં આવેલી કુલ આવક અને ખર્ચનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જેમ કે આ પક્ષો દ્વારા ભારતના ચૂંટણી પંચને સુપરત કરવામાં આવેલા તેમના ઓડિટ અહેવાલોમાં જાહેર કરવામાં આવ્યું છે. રિપોર્ટમાં કહેવાયું છે કે, “દસ પ્રાદેશિક પક્ષો ડીએમકે, બીજેડી, ટીઆરએસ, વાયએસઆર કોંગ્રેસ, જેડીયુ, એસપી, આપ, એસએડી, એમજીપી અને ટીડીપીએ ૨૦૨૧-૨૨ માટે રૂા. ૮૫૨.૮૮ કરોડના ચૂંટણી બોન્ડ દ્વારા દાન મેળવવાની જાહેરાત કરી છે.” ટીઆરએસ (તેલંગાણા રાષ્ટ્ર સમિતિ)નું નામ બદલીને ભારત રાષ્ટ્ર સમિતિ રાખવામાં આવ્યું છે. તેલંગાણામાં પાર્ટી હાલ સત્તા ઉપર છે. અહેવાલ અનુસાર દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે) જે હાલમાં તમિલનાડુમાં સત્તા ઉપર છે તે પક્ષોમાં સૌથી વધુ આવક રૂા. ૩૧૮ કરોડ ધરાવે છે જે વિશ્લેષણ કરાયેલા તમામ પક્ષોની કુલ આવકનો ૨૬.૨૭ ટકા હિસ્સો ધરાવે છે, ત્યારપછી બીજેડી ૩૦૭ કરોડની આવક સાથે બીજા ક્રમે અને ટીઆરએસની રૂા. ૨૧૮ કરોડની આવક છે. ટોચના પાંચ પક્ષોની કુલ આવક રૂા. ૧૦૨૪.૪૨૪ કરોડ હતી, અથવા રાજકીય પક્ષોની કુલ આવકના ૮૪.૪૪ ટકા સામુહિક રીતે આવક કરી હોવાનો અંદાજ છે. ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ બંને માટેના ડેટામાં ૩૬માં ૩૫ પક્ષોએ પોતાની આવક દર્શાવી હતી જેમાં ૨૦ પાર્ટીએ આવકમાં વધારો જ્યારે ૧૫ પાર્ટીએ આવકમાં ઘટાડો દર્શાવ્યો છે. ૩૫ પક્ષોની કુલ આવક ૨૦૨૦-૨૧માં રૂા. ૫૬૫.૪૨૪ કરોડથી વધીને ૨૦૨૧-૨૨માં રૂા. ૧,૨૧૨.૭૦૮ કરોડ થઈ છે જેમાં કુલ ૧૧૪.૪૮ ટકાનો વધારો થયો છે. ઓરિસ્સામાં શાસન પર રહેલી બીજુ જનતા દળ (બીજેડી) એ તેની આવકમાં સૌથી વધુ રૂા. ૨૩૩.૯૪૧ કરોડનો વધારો નોંધાવ્યો હતો. ત્યારબાદ ટીઆરએસ અને ડીએમકેએ અનુક્રમે રૂા. ૧૮૦.૪૫૪ કરોડ અને રૂા. ૧૬૮.૭૯૫ કરોડનો કુલ વધારો જાહેર કર્યો હતો.

# નેતાજી સુભાષચંદ્ર બોઝ અને શિવાજીએ ‘મુઘલો’ વિશે શું લખ્યું છે ?

(એજન્સી) તા.૧૧ આઝાદ હિંદ સેનાના ટોચના કમાન્ડર તરીકે નેતાજી સુભાષ ચંદ્ર બોઝ ૨૬ સપ્ટેમ્બર, ૧૯૪૩ના રોજ રંગૂન પહોંચ્યા અને ત્યાં તેમણે અંતિમ મુઘલ સમ્રાટ બહાદુર શાહ ઝફરની કબર ઉપર પ્રણામ કર્યા હતા. એટલું જ નહીં, આ મઝાર ઉપર શ્રદ્ધાંજલિ તરીકે ૫૦ હજાર રૂપિયા પણ તેમના દ્વારા અર્પણ કરવામાં આવ્યા હતા. નેતાજીની નજરમાં બહાદુર શાહ ઝફર માત્ર આઝાદીના પ્રથમ યુદ્ધના હીરો જ નહીં પરંતુ મહાન મુઘલ વંશના છેલ્લા શાસક પણ હતા જેમણે ભારતીય ઈતિહાસમાં એક ‘ગૌરવપૂર્ણ અધ્યાય’ ઉમેર્યો હતો. અંગ્રેજોને જવાબ આપતાં નેતાજીએ કહ્યું હતું કે, અશોકના લગભગ એક હજાર વર્ષ પછી ગુપ્ત સમ્રાટોના સામ્રાજયમાં ભારત ફરી એકવાર સમૃદ્ધિના શિખરે પહોંચ્યું. તેના નવસો વર્ષ પછી ફરી એક વાર ભારતીય ઈતિહાસનો ભવ્ય અધ્યાય મુઘલના કાર્યકાળમાં શરૂ થયો હતો. તેથી એ યાદ રાખવું જોઈએ કે, અંગ્રેજોનો ખ્યાલ એ છે કે, આપણે તેમના શાસનકાળ દરમ્યાન જ રાજકીય રીતે એક થયા છીએ. (પૃષ્ઠ ૨૭૪, ભાગ-૧૨, નેતાજી સંપૂર્ણ વાંગમાયા, પ્રકાશન વિભાગ, ભારત સરકાર.) નેતાજીના આ કહેવામાં મુઘલ ભારતમાં આર્થિક, રાજકીય, વ્યૂહાત્મક અને કલાત્મક ક્ષેત્રોમાં પ્રગતિ ઉપરાંત, સમાધાનની સંસ્કૃતિમાં વિકાસ તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું. હવે કોઈ એવું કહેશે કે નેતાજીની ઈતિહાસની સમજ આરએસએસ કરતા નબળી હતી કે અને જેઓ દરેક વાતચીતમાં મુઘલો સામે ઝેર ઓકતા આ સ્વ-ઘોષિત રાષ્ટ્રવાદી સંગઠન કરતા ઓછા રાષ્ટ્રવાદી હતા. પરંતુ NCERTના પુસ્તકોમાંથી જે રીતે મુઘલોને લગતા પાઠો હટાવવામાં આવી રહ્યા છે, તેની પાછળ RSSનું એ જ વિઝન કામ કરી રહ્યું છે જે નેતાજીની માનસિકતાની વિરુદ્ધ છે. ઈતિહાસને પોતાના રંગમાં રંગવો એ આરએસએસનો જૂનો એજન્ડા છે અને જ્યારે કેન્દ્રમાં ભાજપની સરકાર હોય ત્યારે તે આ દિશામાં ઝડપથી આગળ વધે છે. અત્યારે મીડિયા મુઘલોને લગતા લખાણને હટાવવા માટે વિવાદ થઈ રહ્યો છે અને હેડલાઈન બની રહ્યા છે તે પણ RSSની રણનીતિ છે. તે જાણે છે કે, તેની આડમાં ‘તેમના ઈતિહાસ’ને છૂપાવવાનું તેનું કાવતરું પડદા પાછળ છુપાઈ જશે. હકીકત એ છે કે, માત્ર મુઘલો સાથે સંબંધિત લખાણ જ હટાવવામાં નથી આવી રહ્યું પરંતુ મહાત્મા ગાંધીના હત્યારા નાથુરામ ગોડસે સાથે સંઘના જોડાણ અને તેમના ઉપર લગાવવામાં આવેલા પ્રતિબંધ સાથે જોડાયેલા તથ્યો પણ હટાવવામાં આવી રહ્યા છે. આ સાથે લોકશાહી અને જનઆંદોલનને લગતા પાઠ પણ દૂર કરવામાં આવી રહ્યા છે. ઈતિહાસ એ એવી કોઈ ઈમારત નથી કે જેમાં કોઈ તેની ઈચ્છા મુજબ તોડફોડ કરીને તેના નવા નકશામાં બનાવી શાક. હિસ્ટોરિયોગ્રાફી એ એક વ્યાવસાયિક કાર્ય છે જેને ફકત નવા તથ્યો સાથે જ બદલી શકાય છે. આ માટે પુરાતત્વીય કે દસ્તાવેજી પુરાવા જરૂરી છે અને કોઈની ઈચ્છાની વાત નથી. તથ્યો દ્વારા જે સાબિત ન થયું હોય તે કથા હોઈ શકે પણ ઈતિહાસ નહીં. સમસ્યા એ છે કે, આરએસએસ પોતાની દંતકથાઓને ઈતિહાસમાં સ્થાન આપવા માંગે છે. પરંતુ વ્યાવસાયિક ઈતિહાસલેખનના પરિસરમાં તેનું કોઈ સ્થાન નથી. એવું લાગે છે કે, જ્યારે લોકતાંત્રિક સંસ્થાઓ ઉપર કબજો કરવાનો એકરાઉન્ડ ચારે બાજુથી પૂર્ણ થઈ ગયો છે, ત્યારે ઈતિહાસના કેમ્પસ ઉપર પણ કબજો થઈ શકે છે. આ રીતે તેઓ એ જ કહેવતને પાત્ર બનાવી રહ્યા છે કે, ઈતિહાસનો સૌથી મોટો પાઠ એ છે કે, તેમાંથી કોઈ કંઈ શીખતું નથી. ઈતિહાસના યુગની સામે સરકારોની ઉંમર માત્ર એક પાણીનો પરપોટા જેવી જ છે. મુઘલોનો ઈતિહાસ ન ભણાવવા પાછળ બીજું કારણ છે. વાસ્તવમાં મુઘલ સામ્રાજયનો અભ્યાસ આરએસએસની એવી માન્યતાને શૂન્ય કરી દે છે કે, મુઘલ કાળ માત્ર ‘હિંદુ-મુસ્લિમ સંઘર્ષ’નો સમયગાળો હતો. ‘મુઘલ દરબાર’ સંબંધિત લખાણ હટાવી દેવામાં આવ્યું છે કારણ કે, જો તેનો અભ્યાસ કરવામાં આવે તો રાજા માન સિંહ, ટોડરમલ અને બીરબલ જેવા નવરત્નો અકબર સાથે ઊભા જોવા મળશે અને હકીમ ખાન સુર મહારાણા પ્રતાપને સમર્થન આપતા જોવા મળશે. મિર્ઝા રાજા જય સિંહ અને જસવંત સિંહ ઔરંગઝેબના દરબારમાં મળશે અને શિવાજીની સેનામાં તોપખાનાના વડા ઈબ્રાહિમખાન, નૌકાદળના વડા દૌલત ખાન અને કાઝી હૈદરનું નામ શિવાજીની સેનામાં રાજદૂત તરીકે નોંધવામાં આવશે. હદ તો ત્યારે થશે જ્યારે શિવાજીનો ઔરંગઝેબને લખેલો એક પત્ર સામે આવશે, જેમાં તેઓએ અકબરને ‘જગતગુરુ’ ગણાવતા હિંદુ અને મુસ્લિમોને એક થવાનું કહેવામાં આવ્યું છે. શિવાજીએ લખ્યું છે કે, અકબરે આ વિશાળ રાજ્ય ઉપર બાવન વર્ષ સુધી એટલી કાળજી અને શ્રેષ્ઠતાથી શાસન કર્યું કે, તમામ સંપ્રદાયોના લોકોને આનંદ મળ્યો હતો. શું ખ્રિસ્તી, શું ભૂસાઈ, શું દાઉદી, શું ફલકિયે, શું નાસીરી, શું દહરીયે, શું બ્રાહ્મણ અને શું સેવક, બધા ઉપર તેમની સમાન પ્રકારની નજર હતી. સુલાહ કુલના આ વર્તનને કારણે બધાએ તેમને જગત ગુરુનું બિરુદ આપ્યું હતું. આ અસરને કારણે અકબરે પણ જોયું તેની સામે વિજય મળતો હતો. કુર્આન એ અલ્લાહનો શબ્દ છે. એમાં અલ્લાહને મુસલમાનોનો નહીં પણ સમગ્ર બ્રહ્માંડ કે સૃષ્ટિનો અલ્લાહ કહેવામાં આવ્યું છે. હિન્દુ-મુસ્લિમ બંને એક છે. સ્વાભાવિક છે કે, જો વિદ્યાર્થીઓ ઈતિહાસનો આ પાઠ વાંચશે તો તેઓ ઈતિહાસના નામે જે વાર્તાઓ તેમને સંભળાવવામાં આવે છે તેના ઉપર પ્રશ્ન કરશે. આરએસએસને જો કોઈ બાબત સૌથી વધુ પરેશાન કરતી હોય, તો તે લોકોની પ્રશ્નો ઉઠાવવાની વૃત્તિ છે. તેને વિચારકોની કોઈ જરૂર નથી પણ માત્ર પ્રચારકોની જરૂર છે અથવા એમ કહીએ કે તેનો ઉદ્દેશ્ય ‘વ્યવસ્થાલક્ષી સમાજ બનાવવાનો છે. એટલા માટે તે લોકોને માત્ર મુઘલ યુગના ઈતિહાસથી જ દૂર રાખવા માંગતો નથી, પરંતુ તે સ્વતંત્રતા ચળવળના લખાણને પણ મિશ્રિત અને ખંડિત કરવા માંગે છે. એ સારી વાત છે કે, હવે ભાજપ મહાત્મા ગાંધી વિરુદ્ધ ખુલ્લેઆમ બોલતી નથી, પરંતુ નાથુરામ ગોડસેને પ્રતિષ્ઠિત બનાવવાનો પ્રયાસ સ્પષ્ટ દેખાય છે. નહિંતર, શા માટે મહાત્મા ગાંધીના હત્યારા ગોડસે સાથે જોડાયેલી માહિતી પણ દૂર કરવામાં આવી રહી છે. આ સાથે મહાત્મા ગાંધીની હત્યા બાદ આરએસએસ ઉપર પ્રતિબંધનો મુદ્દો પણ પડતો મૂકવામાં આવ્યો છે. આનાથી વિદ્યાર્થીઓને એ પણ ખબર પડી શકે છે કે, આ પ્રતિબંધ બીજા કોઈએ નહીં પણ સરદાર પટેલે લગાવ્યો હતો. ઈતિહાસમાં વધુ પડતો રસ કોઈને પણ સ્પષ્ટ કરી શકે છે કે, સ્વાતંત્ર્ય સંગ્રામમાં RSSની કોઈ ભૂમિકા નથી. એટલું જ નહીં પણ તે અંગ્રેજોનું સમર્થન પણ કરતો હતો તેની પણ જાણ થઈ જશે. આ કોઈ સંયોગ નથી કે તાજેતરમાં જ ગોરખપુર યુનિવર્સિટીમાં જે લેખકોની ગણતરી સાહિત્યના નિર્માતાઓમાં થાય છે તેમને અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવી રહ્યા છે. પ્રેમચંદ, નિરાલા, ફિરાક વગેરેને ભણાવવાનો અર્થ છે કે, આઝાદીની ચળવળની પૃષ્ઠભૂમિને ઉજાગર કરવી અને તે RSSને અસ્વસ્થ બનાવે છે. આગળનું પગલું વિજ્ઞાનના એવા સિદ્ધાંતોને અભ્યાસક્રમમાંથી બાકાત રાખવાનું હોઈ શકે છે જે ધાર્મિક સિદ્ધાંતોને પડકારે છે. એવા સમયે જ્યારે વિશ્વભરમાં ‘આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ’ ઉપર કામ થઈ રહ્યું છે, ત્યારે ભારતની યુવા પેઢીની ‘બુદ્ધિમત્તા’ને નબળી પાડવાનો આ પ્રયાસ જોઈને ખરેખર દુઃખ થાય છે. એકંદરે, અભ્યાસક્રમમાં ફેરફારનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને તથ્યો અને તર્કથી દૂર રાખવાનો અને ‘ક્રિટિકલ થિંકિંગ’ની શક્યતાઓને મર્યાદિત કરવાનો છે. પરંતુ જો સમાજનો વિવેચનાત્મક વિવેક નબળો પડી જાય, તો તે જ્ઞાન અને વિજ્ઞાનના ક્ષેત્રે તે સતત પાછળ રહેશે. આજે જેઓ વિશ્વગુરૂ બનવા માંગે છે તેઓ આ વાત જેટલી જલ્દી સમજે તેટલું સારૂં રહેશે.

(સૌ. : સત્યહિન્દી)

## શુક્રવાર મધ્યરાત્રિથી લાયરીડસ ઉલ્કાવર્ષાનો જોવા મળશે અવકાશી નજારો

# જૂનાગઢ સહિત રાજયના વિવિધ શહેરોમાં ઉલ્કા વર્ષાનો નજારો જનતા નિહાળી શકે તે માટે જાથા દ્વારા આયોજન

## દુનિયાભરમાં અવકાશમાં લાઈરીડસ ઉલ્કા વર્ષાનો નજારો જોવા મળશે : રાત્રીના ૧ થી પરોઢ સુધી નિહાળવાનો શ્રેષ્ઠ સમય



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૧૧

આગામી તા.૧૪ થી ૨૦ દરમ્યાન અવકાશમાં લાઈરીડસ ઉલ્કા વર્ષાનો અદભુત નજારો જોવા મળશે. ૧૦૫ દિવસના વિરામ બાદ આકાશમાં ઉલ્કા વર્ષાથવાની છે. ત્યારે ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા રાજયભરમાં ખગોળીય આનંદ જનતા લઈ શકે તે માટે ખાસ આયોજન હાથ ધરવામાં આવેલ છે. આગામી તા.૨૨ અને ૨૩ એપ્રિલ મધ્યરાત્રીથી પરોઢ સુધીના સમયગાળા દરમ્યાન જૂનાગઢ સહિત રાજયના વિવિધ શહેરોમાં ઉલ્કા વર્ષાનો નજારો નિહાળવા માટે વિશેષ આયોજન કરવામાં આવેલ છે. દુનિયાભરમાં લોકોએ જાન્યુઆરીમાં કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. ૧૦૫ દિવસના વિરામ બાદ ફરીને ઉલ્કાવર્ષાનો પ્રારંભ થનાર છે તેમાં વિશ્વમાં તા.૧૪મી એપ્રિલ મધ્યરાત્રિથી તા. ૩૦મી એપ્રિલ રવિવાર પરોઢ સુધી લાયરીડસ ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી આરંભી છે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કાવર્ષનો અદ્દભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે. રાજયભરમાં ખગોળીય આનંદ લૂંટવા માટે જાથાએ ખાસ આયોજન આદર્યા છે. જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડ્યા જણાવે છે કે તા.૧૪ મી શુક્રવાર મધ્યરાત્રિથી તા.૩૦મી સુધી આકાશમાં લાયરીડસ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. તા.૨૨મી રાત્રીએ આકાશમાં રીતસર ઉલ્કાવર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૧૦૦ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. દિવાળીના ફટાકડાની આતશબાજીના રોમાંચક દ્રશ્યો આકાશમાં જોવા મળશે. અવકાશી અજ્ઞાનતાના કારણે આકાશમાં અગ્નિના બિહામણા દ્રશ્યો જોઈ અમુક લોકો અચંબા સાથે હોનારત જેવો ભય અનુભવે છે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોવા મળે છે. વધુમાં પંડયા જણાવે છે કે લાયરીડસ ઉલ્કાવર્ષા મહત્તમ ત્રણ દિવસ તા.૨૧ મી શુક્રવારથી રવિવાર પરોઢ સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નર્જનિ જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ પવખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે અને તેમાંથી વિસર્જીત થયેલ પદાર્થો ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી ઉપર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહતમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કાવર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. એડવોકેટ પંડયા વધુમાં જણાવે છે કે ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય-ખડકાળ, નર્જનિ જગ્યાને પસંદ કરી ચાર-પાંચ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડીઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે. જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસ-સૂર્યપ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. લાયરીડસ ઉલ્કાવર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસરનો વરસાદ પડશે. જાથા ઉલ્કાવર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે. જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતાં થાય, તેમાં રસ લઈ, બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતા થાય, નજારો નિહાળવા માટે રાજયભરમાં આયોજન ગોઠવ્યું છે તેમાં રાજકોટ, અમરેલી, બોટાદ, દેવભૂમિ દ્વારકા, અરવલ્લી, રાજપીપળા, ભાવનગર, જૂનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ, અમદાવાદ, આણંદ, નડીયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ધાનેરા, ડીસા, હિંમતનગર, ગાંધીધામ, માંડવી, અંજાર, મોરબી, પાવગઢ, ગોધરા, વિગેરે નાના-મોટા નગરોમાં બે દિવસીય તા.૨૨-૨૩ એપ્રિલ મધ્યરાત્રિ-પરોઢે વ્યવસ્થાની આખરી ઓપની તૈયારી આરંભી છે. લાયરીડસ ઉલ્કાવર્ષાનો નજારો તા.૨૨મી રાત્રીના નિહાળવાની તૈયારીમાં જાથાના અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, વિનોદ વામજા, દિનેશ હુંબલ, નર્ભયિ જોશી, રાજુ યાદવ, નર્મળિ મેત્રા, ભોજાભાઈ ટોયટા, ભક્તિબેન રાજગોર, ભાનુબેન ગોહિલ વિગેરે અનેક સદસ્યો જોડાયા છે. રાજયમાં ઉલ્કાવર્ષા સંબંધી વિશેષ માહિતી મોબાઈલ : ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.



# જૂનાગઢના મીરાનગરમાં તસ્કરોનો હાથફેરો મકાન અને મહાદેવ મંદિરમાં ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૧૧

જૂનાગઢમાં મીરાનગર વિસ્તારમાં એક જ રાતમાં બેસ્થળે ચોરીની ઘટના સામે આવી છે. વતનમાં ગયેલા એક પરિવારના બંધ મકાનના તાળા તોડીને તસ્કરો રોકડા ૨૫ હજાર અને ચાંદીના સિક્કા ચોરી ગયા છે. જયારે સોસાયટીમાં આવેલા સોમનાથ મહાદેવ મંદિરમાં દાનપેટી તોડીને અંદર રહેલ રોકડા રકમની ચોરી થયાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. જૂનાગઢમાં મીરાનગર ગ્રીનવુડ ટાઉનશીપ બ્લોક ૬૪માં રહેતા અને મહિન્દ્રા શો રૂમમાં નોકરી કરતા સચીન નટવરલાલ ચોટલીયા તા.૮ના રોજ પરિવાર સાથે તેમના વતન ચાપરડા ગયેલા હતા અને પાછળથી રાતે તેમના ઘરમાં ચોર ઘુસ્યા હતા. તસ્કરોએ તેમના બંધ મકાનના તાળા તોડીને કબાટમાંથી રોકડા ૨૫ હજાર તેમજ ચાંદીના સિક્કા, ચાંદીની ગાય અને ચાંદીના લક્ષ્મીજીની મૂર્તિ સહિતની માલમતા ચોરી ગયા હતા. તેમજ સોસાયટીમાં આવેલ સોમનાથ મહાદેવ મંદિરમાં રાખેલી દાનપેટી તોડીને અંદરથી ૬ હજાર જેટલી રોકડ ચોરી ગયા હતા. આમ બંને સ્થળેથી કુલ ૩૧૫૦૦ની ચોરી થયાની ફરિયાદ સચીનભાઈએ સી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢમાં નિઃસંતાન નિદાન કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા. ૧૧

ડો. હરેશભાઈ ચુગડીયા તરફથી જૂનાગઢનાં જે.બી. કોમ્પલેક્ષ સ્થિત અનામ સેવા સોશ્યલ ગૃપ દ્વારા આગામી તા. ૧૪ એપ્રીલ શુક્રવારે ૧૦ થી ૧ અને સાંજે ૫ થી ૭ દરમ્યાન વિના મુલ્યે નિઃસંતાન નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પનો લાભ લેવા માટે હિતેશભાઈ પંડયાનાં મો. નં. ૯૬૨૪૦ ૪૮૧૨૫ ઉપર નામ નોંધાવી દેવા યાદીમાં જણાવેલ છે. આ કેમ્પ અનામ સેવા સંસ્થાન, ત્રીજા માળે, જે.બી. કોમ્પલેક્ષ, બસ સ્ટેન્ડ સામે, શિવશકિત ટ્રાવેલ્સની બાજુમાં, જૂનાગઢ ખાતે યોજાશે.

**ફલેટ વેંચવાનો છે**

જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં 2 BHK ફલેટ વેંચવાનો છે ફિકસ ફર્નીચર સાથે લીફટની સુવિધા છે

મો. ૯૮૨૪૫૯૨૫૫૯

# જૂનાગઢ નજીક ટ્રક ચાલકે હડફેટે લેતા માતાની નજર સામે દીકરીનું થયેલ મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૧૧

જૂનાગઢના જોશીપરામાં રહેતા માતા-દીકરી ગઈકાલે રાતે જેતપુર મરચું દળાવીને એકસેસ સ્કુટર ઉપર પરત જૂનાગઢ આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં સાબલપુર ચોકડી પાસે એક ટ્રક ચાલકે માતા-પુત્રીને હડફેટે લઈને પછાડી દેતા માતાની નજર સામે યુવાન અને આશાસ્પદ દીકરીનું મોત થયાની ઘટના પોલીસ દફતરે નોંધાઈ છે. જૂનાગઢમાં જોશીપરા વિસ્તારમાં પુનીતનગરમાં રહેતા ભાનુબેન કિશોરભાઈ રાઠોડ ગઈકાલે બપોરે ચાર કલાકે તેની દીકરી અંજલી સાથે જૂનાગઢથી જેતપુર ગયા હતા અને ત્યાં મરચાની ખરીદી કરીને દળાવી પરત રાતે ૮ કલાકે જેતપુરથી જૂનાગઢ પોતાના એકસેસ સ્કુટર ઉપર પરત ફરી રહ્યા હતા ત્યારે સાબલપુર ચોકડી પાસે અચાનક પાછળથી આવી ચડેલા આઈસર ટ્રક નંબર જીજે-૧૧-યુ-૯૯૪૬ના ચાલકે માતા-દીકરીના સ્કુટરને ઓવરટેક કરીને એકાએક કાવો મારતા સ્કુટર ઉપરથી માતા-દીકરી ફંગોળાઈ પડી ગયા હતા. બંનેને ગંભીર ઈજાઓ થતા તેમને સારવાર માટે ૧૦૮માં જૂનાગઢ સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જયાં ગંભીર ઈજા થવાથી અંજલીનું મોત થયાનું જાહેર કરવામાં આવ્યું હતું. આ ઘટના અંગે ભાનુમતીબેને તાલુક પોલીસમાં આઈસર ટ્રકના ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. મૃતક યુવતી અંજલી ખાનગી કોલેજમાં નર્સિંગનો અભ્યાસ કરતી હતી.

**ટેનામેન્ટ વેચવાનું છે**

વિજયનગર રોડ, ૭૫ વારમાં નવા બાંધકામ સાથે

સ્વસ્તિક નગર, આદિત્યનગર-૧ની પાછળ, જોશીપરા, જૂનાગઢ.

મો. 91069 56706 / 63524 57941

RTE ફોર્મમાં રજુ કરવા એકમાત્ર પુત્રી હોવાનું પ્રમાણપત્ર મેળવવાની અરજી અને સોગંદનામું તેમજ આવકનો દાખલો કઢાવવા માટે મળો

**દિપાલી કોમર્શિયલ**

લીમડા ચોક, જૂનાગઢ

મો. ૯૯૨૪૮ ૯૦૪૭૩

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.





**બીના ઈલેક્ટ્રોનિક્સ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના...

પ્રફુલભાઈ મો. ૯૮૨૫૨ ૨૨૧૮૩



**વર્ષા પ્રોટીન્સ**

મહાસાગર પેટ્રોલ પંપ સામે, રાજકોટ હાઈવે રોડ, સુખપુર - ૩૬૨ ૩૧૦ જી. જૂનાગઢ (ગુજરાત)

ફોન : ૦૨૮૫- ૨૬૬૦૦૮૮ (૦૨૮૫) - ૨૬૬૦૦૯૯

**ૐ નેચર કયોર સેન્ટર**

ડો. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

